RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# દૈનિક અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૮૪● તારીખ: ૦૩-૦૭-૨૦૨૫,ગુરુવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## સિદ્ધારમૈયા જ પાંચ વર્ષ સુધી રહેશે મુખ્યમંત્રી, ડી.કે. શિવકુમારના નિરાશાજનક નિવેદનથી થઈ ગયું ફાઈનલ



છેલ્લા કેટલાક દિવસથી કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની ચાલી રહેલી ચર્ચાઓ પર બુધવારે (૨ જુલાઈ) પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. સિદ્ધારમૈયા જ પાંચ વર્ષ સુધી રાજ્યના મુખ્યમંત્રી રહેશે, તે મુખ્યમંત્રીની રેસમાં સામેલ નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારના નિરાશાજનક નિવેદનથી ફાઈનલ થઈ ગયું છે. સિદ્ધારમૈયાએ દાવો કર્યો છે કે, 'હું જ પાંચ વર્ષ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી પદ પર યથાવત્ રહીશ, તેમાં કોઈપણ અટકળો અને અફવાઓ અચડણો ઉભી કરી શકશે નહીં.' સિદ્ધારમૈયાના આ નિવેદન બાદ ડી.કે.શિવકુમારે જાહેરમાં પ્રતિક્રિયા આપી છે.નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે (D.K.Shivakumar) મીડિયાના સવાલોનો જવાબ આપતા કહ્યું કે, 'મારી પાસે અન્ય કોઈ રસ્તો નથી. મારી પાસે શું વિકલ્પ છે? મારે તેમની સાથે ઉભું રહેવાનું છે અને તેમને સાથ આપવાનો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે મારો કોઈ સવાજ ઉઠતો નથી. મેં મારા પક્ષમાં બોલવા કોઈને કહ્યું નથી. જ્યારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા છે, તો આવી કોઈ વાતનો સવાલ જ ઉઠતો નથી. સિદ્ધારમૈયા પાંચ વર્ષ સુધી મુખ્યમંત્રી રહે, તે પર મને કોઈ વાંધો નથી. પાર્ટી હાઈકમાન્ડ જે પણ કહેશે અને જે નિર્ણય કરશે, તેનું પાલન કરવામાં આવશે. હું હાલ કોઈપણ ચર્ચા કરવા માંગતો નથી. લાખો કાર્યકર્તાઓ પાર્ટીનું સમર્થન કરી રહ્યા છે.'સિદ્ધારમૈયાએ બુધવારે (૨ જુલાઈ)એ કહ્યું હતું કે, 'હું જ મુખ્યમંત્રી રહેવાનો છું. તમને કોઈ આશંકા છે?' તેમણે ભાજપ અને જેડીએસ મુખ્યમંત્રી બદલવાની અફવા ફેલાવતા હોવાનો આક્ષેપ કર્યો છે. આ પહેલા કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય એચ.એ. ઈકબાલ હુસેને દાવો કર્યો હતો કે, 'કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારને આગામી બે-ત્રણ મહિનામાં રાજ્યના મુખ્યમંત્રી બનવાની તક મળી શકે છે.' આ નિવેદન બાદ સિદ્ધારૈયાને મુખ્યમંત્રી પદેથી હટાવવાની અટકળો શરુ થઈ ગઈ હતી. આ તમામ ઘટનાક્રમ વચ્ચે સિદ્ધારમૈયા અને શિવકુમારના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે, કર્ણાટકમાં કોઈપણ નેતૃત્વ પરિવર્તન થવાનું નથી.બીજીતરફ કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસૈન ફરી કહ્યું કે, 'તેમાં કોઈ શંકા જ નથી, ૨૦૦ ટકા, બે મહિનામાં ડી.કે.શિવકુમાર જ મુખ્યમંત્રી બનશે. જો પાર્ટી ટકી રહેવા માંગતી હોય, જો આપણે ૨૦૨૮ માં કોંગ્રેસને સત્તામાં જોવા માંગતી હોય, તો આપણને પરિવર્તનની જરૂર છે. આપણને સારા વહીવટની જરૂર છે. આ યોગ્ય સમય છે. શિવકુમારે પાર્ટીમાં અદ્ભુત યોગદાન આપ્યું છે. ૨૦૨૮માં કોંગ્રેસ સત્તામાં આવે તે માટે તેમને મુખ્યમંત્રી બનાવવા જોઈએ. આ મોટાભાગના ધારાસભ્યોનો અભિપ્રાય છે. આપણે આપણા ભવિષ્ય અને આપણી પાર્ટી વિશે પણ વિચારવું પડશે. ડીકે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાનો આ યોગ્ય સમય છે.કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની અટકળોનું રાજકારણ શરૂ થયા બાદ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે (Mallikarjun Kharge)એ મેદાનમાં આવવું પડ્યું હતું. સીએમ બદલવાનો પ્રશ્ન પૂછવામાં આવતા ખડગેએ અટકળોને રદીયો આપી દીધો હતો. ખડગેએ સીધો જવાબ આપવાના બદલે કહ્યું હતું કે, તેનો નિર્ણય હાઈકમાન્ડ કરશે.

## ગુજરાતના ૭૫ તાલુકામાં આજે મેઘમહેર, સૌથી વધુ ડાંગમાં ૩.૫૪ ઈંચ

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન આજે બુધવારે (૨ જુલાઈ) ૭૫ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ ડાંગના સુબીરમાં ૩.૫૪ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે ૭૦ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ વરસ્યો છે. ચાલો જાણીએ ક્યાં-કેટલો વરસાદ ખાબક્યો.

રાજ્યમાં આજે (૨ જુલાઈ) સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૧૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં તાપીના ડોલવણમાં ૨.૮ ઈંચ, વાલોડમાં ૨.૩૬ ઈંચ, સુરતના મહુવામાં ૧.૯૩ ઈંચ, ડાંગના આહવામાં ૧.૧૪ ઈંચ વરસાદ ખાબક્યો છે.

## ઓલિમ્પિક ૨૦૩૬: પહેલીવાર સત્તાવાર રીતે મેજબાનીની રેસમાં સામેલ થયું ભારત, પ્રતિનિધિમંડળની મુલાકાત

ભારત પહેલી વાર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા પહેલ કરી રહ્યું છે. આ મુદ્દે સમયાંતરે ચર્ચાઓ થઈ રહી છે. અમદાવાદમાં ઓલિમ્પિક માટે તૈયાર થઈ રહેલા સ્ટેડિયમની કામગીરી પણ લગભગ પૂર્ણ થવાના આરે છે. ભારતે સત્તાવાર રીતે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડના




લુઝાનમાં મંગળવારે ભારતીય પ્રતિનિધિમંડળે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના અધિકારીઓની મુલાકાત કરી ભવિષ્યમાં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનો પ્રસ્તાવ સત્તાવાર રીતે રજૂ કર્યો હતો.આ દાવો રજૂ કરવાનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. IOC એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે હાલમાં તે વિષ્યની ઓલિમ્પિક રમતો માટે યજમાન દેશની પસંદગી પ્રક્રિયા અટકાવી રહ્યું છે. તેના આ નિવેદન બાદ ભારતીય પ્રતિનિધિમંડળની IOC સાથે બેઠક થઈ હતી.

ભારતીય પ્રતિનિધિમંડળમાં ભારતીય ઓલિમ્પિક સંઘની અધ્યક્ષ પીટી ઉષા ઉપરાંત કેન્દ્રીય રમત મંત્રાલય અને ગુજરાત સરકારના પ્રતિનિધિ સામેલ હતાં. પ્રતિનિધિમંડળે ઔપચારિક રીતે અમદાવાદને યજમાન શહેર તરીકે રજૂ કર્યું હતું. ઈતિહાસમાં પ્રથમ વખત ભારતે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી સમક્ષ સત્તાવાર રીતે તેના એક શહેરનું નામ યજમાન શહેર તરીકે રજૂ કર્યું છે. ૨૦૩૨ ઓલિમ્પિક રમતો બ્રિસ્બનમાં યોજાવાની છે, ભારતની નજર ૨૦૩૬ની ઓલિમ્પિકના આયોજન પર છે.ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાએ આ અંગે જણાવ્યું હતું કે, 'ભારતમાં ઓલિમ્પિક રમતોનું આયોજન માત્ર એક ભવ્ય કાર્યક્રમ જ નહી પરંતુ ઈતિહાસમાં પ્રથમ વખત યોજાનારી ઈવેન્ટ છે. જેની અસર તમામ ભારતીયો પર પડશે.' પીટી ઉષાએ લુઝાનમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના અધિકારીઓ સાથે ભારતીય પ્રતિનિધિમંડળની મુલાકાતનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

## સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં પ્લાસ્ટિકની બોટલો પર પ્રતિબંધ, કાચની બોટલમાં મળશે પાણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય કેમ્પસમાં ઈકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસીલીટીનો પ્રારંભ કરાવ્યો હતો. સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં હવે આ ફેસિલિટી અંતર્ગત પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં પીવાનું પાણી આપવામાં આવશે. એટલું જ નહી પ્લાસ્ટિક બોટલના ભાવે જ કાચની બોટલમાં પીવાનું પાણી મળશે. પ્લાસ્ટિકના ઉપયોગને ન્યૂનતમ કરવા સચિવાલય કેમ્પસમાં મહિલા મંડળ દ્વારા નવા સચિવાલય બ્લોક નંબર ૧૩ના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કાચની બોટલના પરિવહન માટે જે ઈ-રિક્ષાનો ઉપયોગ કરવામાં આવશે.

આ પ્લાન્ટ કાર્યરત થતાં સચિવાલય કેમ્પસમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલનો વપરાશ બંધ કરીને હવે નજીવા દરે કાચની બોટલમાં પીવાનું પાણી પૂરું પાડવામાં




આવવાને કારણે પ્લાસ્ટિક વેસ્ટમાં પણ ઘટાડો થશે.

માં નર્મદા એકતા મહિલા મંડળની બહેનો દ્વારા સંચાલિત આ પર્યાવરણલક્ષી પ્રકલ્પમાં જે ટેકનોલોજી અપનાવવામાં આવી છે તે પણ વડોદરાના યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ અને ટીમે વિકસાવેલી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર ખાતે યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે અને તેમણે બે પેટન્ટ પણ સાયન્સ ટેકનોલોજી વિભાગની મદદથી મેળવ્યા છે.

આ પ્રકારનો પાયલોટ પ્રોકેક્ટ તાપી જિલ્લાના પદમડુંગરી ઈકો ટુરીઝમ સાઈટ ખાતે વન વિભાગ અને સખીમંડળની બહેનો દ્વારા ત્રણ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યો હતો. અહીં પ્લાસ્ટિક બોટલના બદલે કાચની બોટલમાં એ જ કિંમતમાં પાણી આપવામાં આવે છે. એટલું જ નહીં, અન્ય એક મોટો પાયલોટ પ્રોજેક્ટ તિરુપતિના તિરુમાલા ખાતે પણ કરવામાં આવ્યો છે.

## ઈઝરાયલ સાથેની ૭૭ વર્ષની દુશ્મનાવટ ખતમ કરશે મોટો ઈસ્લામિક દેશ! ટ્રમ્પના કહેવા પર અબ્રાહમ અકોર્ડમાં સામેલ થવાની તૈયારી

સીરિયામાં ૧૪ વર્ષના ગૃહયુદ્ધ બાદ પરિસ્થિતિ હવે સામાન્ય થઈ રહી છે. અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કર્યા છે અને હવે આ ઈસ્લામિક દેશ ફરીથી સામાન્ય જીવન તરફ આગળ વધી રહ્યો છે. આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે અને સુરક્ષામાં પણ સુધારો થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સીરિયાના નવા રાષ્ટ્ર પ્રમુખ અહમદ અલ શારા સાથે મુલાકાત કરી આ અંગે જાહેરાત કરી હતી. ઈઝરાયલ અને સીરિયા વચ્ચે પણ સીધી વાતચીત થઈ છે. બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવા ટૂંકસમયમાં મોટી જાહેરાત કરે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

મધ્ય-પૂર્વના રાજકીય નિષ્ણાતોએ જણાવ્યા પ્રમાણે, અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કરવા મામલે એવો સોદો કર્યો હશે કે તેણે ઈઝરાયલ સાથે સંબંધો સુધારવા પડશે. જેના ભાગરૂપે સીરિયા એ દિશામાં આગળ વધી રહ્યું છે. જો આવું કંઈક થાય તો તે વૈશ્વિક રાજકારણમાં મોટો ફેરફાર હશે કારણ કે સીરિયા અને ઈઝરાયલ ૧૯૪૮થી યુદ્ધ કરી રહ્યા છે. આ કરાર સાથે ૭૭ વર્ષ જૂની દુશ્મનાવટનો અંત આવશે. બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે સીધી વાતચીત થઈ છે. બંને દેશ ૨૦૨૦થી અબ્રાહમ અકોર્ડમાં સામેલ છે.

## ગુજરાત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, બેલીફ કર્મચારીઓના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સમાં કર્યો વધારો

રાજ્ય સરકાર દ્વારા વધુ એક કર્મયોગી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યના ન્યાયતંત્ર હેઠળ ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક રૂ. ૨૦૦ના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સ (F.T.A.)માં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને રૂ. ૨,૫૦૦ ખાસ ભથ્થુ મંજૂર કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય જ્યુડિશિયલ બેલીફ મંડળ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને રાજ્ય સરકારે



હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યના ન્યાયિક ખાતામાં ફરજ બજાવતાં તમામ બેલીફ કર્મચારીઓના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સમાં ૧ જુલાઈ, ૨૦૨૫થી વધારો કરવામાં આવ્યો છે. જે અન્વયે રાજ્ય સરકાર પર માસિક રૂ. ૩૪.૭૭ લાખ તથા વાર્ષિક રૂ. ૪.૧૮ કરોડનું વધારાનું કાયમી નાણાકીય ભારણ વધશે.

## તંત્રી લેખ...

# પોલેન્ડ દ્વારા જર્મની, લિથુઆનિયા સાથેની સરહદો પર નિયંત્રણો શરૂ કરાશે

વોરસો,
પોલેન્ડ ૭ જુલાઈના રોજ જર્મની અને લિથુઆનિયા સાથેની સરહદો પર કામચલાઉ નિયંત્રણો રજૂ કરશે, વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે મંગળવારે જણાવ્યું હતું કે, ગેરકાયદેસર સ્થળાંતરને રોકવા માટે સરહદ તપાસ ફરીથી લાદવામાં યુરોપિયન યુનિયનના ઘણા અન્ય દેશોની જેમ.રાષ્ટ્રવાદી વિરોધ પક્ષો દ્વારા ટસ્કની ઉદાર સરકાર પર જર્મનીથી પાછા મોકલવામાં આવતા અસંખ્ય ગેરકાયદેસર સ્થળાંતરકારોને સ્વીકારવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સરકારે દલીલ કરી છે કે સંખ્યા મર્યાદિત છે.
તાજેતરના અઠવાડિયામાં પોલેન્ડમાં સ્થળાંતર અંગેની ચર્ચા વધુને વધુ ગરમ થઈ ગઈ છે, દૂર-જમણેરી કાર્યકરોએ જર્મની સાથેની સરહદ પર પેટ્રોલિંગનું આયોજન કરવાનું શરૂ કર્યું છે.
"અમે પોલિશ-જર્મન સરહદ પર સ્થળાંતર કરનારાઓના અનિયંત્રિત પ્રવાહને ઓછામાં ઓછો કરવા માટે જરૂરી નિયંત્રણોના કામચલાઉ પુનઃપ્રારંભને ધ્યાનમાં લઈએ છીએ," ટસ્કે સરકારી બેઠકમાં જણાવ્યું હતું.
જર્મનીએ ફેબ્રુઆરીમાં કહ્યું હતું કે તે છ મહિના માટે પોતાના કામચલાઉ સરહદ નિયંત્રણો લંબાવી રહ્યું છે.
ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે મંગળવારે જણાવ્યું હતું કે જર્મની ઈઁ ની શેંગેન ઓપન બોર્ડર યોજનાને જાળવી રાખવા માંગે છે, જે પાસપોર્ટ-મુક્ત હિલચાલને મંજૂરી આપે છે, પરંતુ આ ફક્ત ત્યારે જ કામ કરી શકે છે જો તેનો દુરુપયોગ સ્થળાંતર કરનારા ગુનેગારો દ્વારા ન કરવામાં આવે.

# હિંમતનગરમાં ઇન્વેસ્ટિચર સેરેમની ધામધૂમથી ઉજવાઇ




સંજીવકુમાર શર્મા
પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, હિંમતનગર ખાતે આજે ઈન્વેસ્ટિચર સેરેમનીનું આયોજન કરાયું, જેમાં વિદ્યાર્થીઓએ પોતપોતાના નવા હાઉસ માટે નિષ્ઠા અને સમર્પણની શપથ લીધી હતી ,આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ શ્રી અવિનાશ ઓઝાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું કે, હાઉસ સિસ્ટમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે.વિદ્યાર્થીઓએ પોતાના હાઉસ માટે પ્રતિબદ્ધતા અને સમર્પણની શપથ લીધી. તેઓએ પોતપોતાના હાઉસના નામ અને ધ્વજના રંગો સાથે પોતાની ઓળખ બનાવી અને પરસ્પર સહયોગ સાથે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો.આ પ્રસંગ વિદ્યાર્થીઓ માટે યાદગાર અનુભવરૂપ સાબિત થશે એવી આશા છે અને તેઓ પોતાના હાઉસ પ્રત્યે નમ્રતા અને સમર્પણની ભાવના જાળવી રાખશે.આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ટીમ વર્ક, અનુશાસન અને નેતૃત્વની ભાવનાઓને પ્રોત્સાહન મળશે.-અખંડ ભારત

# નિકોલમાં ટ્રક નીચે ઝંપલાવતા યુવકનો વિડીયો વાઈરલ



પટેલ નિકુંજ - અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં, પામ હોટલ નજીક આજ સવારે એક યુવકે એકાએક ટ્રક શરૂ થતાંની સાથે જ ટ્રક નીચે પડતુ મુકતા આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.જે બનાવ અંગે ઓઢવ પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસનો દોર આરંભ્યો હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

# લીમખેડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

હસમુખ પ્રજાપતિ - લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે શાળાના બાળકો દ્વારા વિવિધ પ્રકાર ના વૃક્ષોરોપણ કરવામાં આવ્યા હતા કાર્યક્રમ માં સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા વિધાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજવામાં આવ્યું હતું અને દરેક વિધાર્થીઓને પ્રકૃતિનું જતન કરવા અને દરેક ના ઘરે એક વૃક્ષ રોપવાનો સંકલ્પ લેવડાવ્યો હતા-અખંડ ભારત





# ગુજરાત જોડો સદસ્યતા અભિયાનનો અમદાવાદ થી શુભારંભ




રાણા કૃપાળસિંહ-વિસાવદર વિધાનસભાની ભવ્ય જીત બાદ ગુજરાતમાં મિશન ૨૦૨૭ ના લક્ષને હાંશિલ કરવા માટે સમગ્ર ગુજરાતમાં સંગઠનને વધુ મજબુત કરવા માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક શ્રી અરવિંદ કેજરીવાલજી દ્વારા અમદાવાદ ખાતે ''ગુજરાત જોડો સદષ્યતા અભિયાન'' ની શરુઆત કરવામાં આવી છે.-અખંડ ભારત

# પાંચાવાડા આંગણવાડી -૦૨ની ડીડીઓ મુલાકાત લીધી



રાકેશ રાવત -પર્વતભાઈ પટેલ - દાહોદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢાએ આંગણવાડી નંબર ૦૨ ગામતળ ખાતે આયોજિત મમતા સેશનની મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમ્યાન ચાલી રહેલ આરોગ્ય સેવાઓ, યોજનાઓ, આંગણવાડી સેવાઓ તથા પોષણ સંગમની કામગીરીનું નિરીક્ષણ કરીને સમીક્ષા કરી હતી.સાથે મમતા દિવસે સગર્ભા/ધાત્રીબેનોને પૂર્વ પ્રસુતિ તપાસ, રસીકરણ, પોષણ સુધા અને બાળકોને સંપૂર્ણ રસીકરણ તેમજ પોષણ સંગમનો લાભ સમયસર મળી રહે તે હેતુથી તેમનું મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું હતું.-અખંડ ભારત

# તલોદની ધનંજય સોસાયટીમાં વારંવાર ટ્રિપીગથી વિજ ધારકો પરેશાન

તલોદના મજરા રોડ ઉપર આવેલ ધનંજય સોસાયટીમાં વારંવાર વિજ ટ્રિપીગની સમસ્યાથી તંગ આવી ગયેલા સોસાયટીના રહીશોએ આ મુદ્દે કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી શહેરમાં ફાળવવામાં આવતા વિજ પુરવઠાના ફિડરમાં આ સોસાયટીનો સમાવેશ કરી નિયમીત વિજ પુરવઠો પુરો પાડવામાં આવે તે માટે સૌ વિજ ધારકો,સોસાયટીના રહીશોએ લેખિતમાં રજૂઆત કરી છે.

# ધી ઉચ્છલ તાલુકા શિક્ષકોની ૬૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



નાયક બિપિનચંદ્ર - ધી ઉચ્છલ તાલુકા શિક્ષકોની પ.ક.કો-ઑપ.ક્રેડિટ સો. લી ૬૧મી વાર્ષિક સાધારણ સભા ૧૭૨ નિઝરના ધારાસભ્યશ્રી ડૉ .જયરામભાઈ ગામીતના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.જેમાં જિલ્લા પંચાયત તાપીના પ્રમુખશ્રી માન.જાલમસિંગભાઈ વસાવા,તાલુકા પંચાયત ઉચ્છલ પ્રમુખશ્રી માન.મંજુલાબેન વળવી,સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી માન.મસુદાબેન નાઈક,તાલુકા પંચાયત ઉચ્છલ કારોબારી અધ્યક્ષ માન.શ્રી અર્ચનાબેન વસાવા, માન.શ્રી નરેશભાઈ વસાવા ,(એપીએમસી ડિરેક્ટર),માન. શ્રી બીપીનભાઈ નાઈક (સરપંચશ્રી માણેકપુર)માન.જકનભાઈ ચૌધરી (માજી પ્રમુખ જીલ્લા સંઘ તાપી), માન.ધીરજભાઈ ગામીત (ધીરજ પેટ્રોલિયમ),શ્રી ભાવિનભાઈ ગામીત (પ્રમુખ સોનગઢ તાલુકા પ્રા. શિ .સંઘ)શ્રી વિજયભાઈ ચૌધરી (મહામંત્રી સોનગઢ તાલુકા પ્રા.શિ.સંઘ)શ્રી સંદીપભાઈ વળવી (એપીએમસી ડિરેક્ટર) તાલુકા પ્રા . શિ.સંઘ ઉચ્છલના પ્રમુખ શ્રી રમેશભાઈ નાઈક,મહામંત્રી શ્રી કાર્તિકભાઈ વસાવા,સંઘના હોદ્દેદારો, સોસાયટીના હોદ્દેદારો,કેન્દ્ર શિક્ષકશ્રીઓ,મુખ્ય શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં શિક્ષક સભાસદ ભાઈ બહેનો હાજર રહ્યા.૬૧મી સાધારણ સભામાં ૧ થી ૧૫ જેટલા મહત્વના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.જેમાં ૪,૦૦૦૦૦ ધિરાણને ૬,૦૦, ૦૦૦ કરવા,૨, ૦૦,૦૦૦ ધિરાણ ને ૪,૦૦,૦૦૦ કરવા ઠરાવો મહત્વના રહ્યા હતા.-અખંડ ભારત

# "ખુદમાં વિશ્વાસ હોવો એ સફળતાનું પહેલું રહસ્ય છે, જિંદગી જીવવી એ પણ સફળતા નું પરિમાણ ગણાશે!!!!"

(અંક નંબર ૩૮૩)
મિત્રો, નવો જમાનો નવા સંસ્કારો,અને નવા પ્રવાહો હવે ખુદ થી ખુદાને સમજાય તો જ ખરું..... કારણકે ટેકનોલોજીના આ જમાનાએ સૌને અંગૂઠા મારવા તરફ દોર્યા છે!!!!!

"હવે આગવું કઈક આવું, ફ્યુચર હશે, સલાહ દેવાના જ્યાં ત્યાં, ટીચર હશે...

પોતાની અંદર જ્યારે, ખુદને જોશે, દુનિયા બાહરની તો બસ, પીક્ચર હશે...

કામથી ઉજળા દેખાતા માણસ, એના શરીર પર ખાલી કપડાનું, ફર્નિચર હશે...

અનાજ નહીં, ખાવામાં પરમાટી હશે, ખેતીમાં ફક્ત ખનિજનું, કલ્ચર હશે...

જો કોઈએ મોઢું ખોલ્યું, એ તો ગયો, ઘરમાં ને ઘરમાં બધા, ગુપ્તચર હશે...

-વાલજી બદાણી...

"પોતાની જાતને વિશ્વાસ પુર્વક જાણી શકે તેજ જગતને માણી શકે તથા સફળતા પ્રાપ્ત કરી શકે"
આમતો આ વાકય સીધેસીધું અને સામાન્ય છે પરંતુ સમજણ માટે અગત્યનું છે. મોટા ભાગના લોકો જગતને જાણવા ખૂબ જ મહેનત કરે છે અને આખા જગતને જાણું છું એવો વ્હેમ પણ કરે છે પરંતુ પોતાની જાતને જાણવા માટે પ્રયત્ન કરતા નથી.આવુ થવા માટે નું કારણ અંદર આવતો ઉમળકો ના ઓળખી શકવો તે છે.....
હિંમત ના હોય તો પ્રતિષ્ઠા ના હોય અને વિરોધ ના હોય ત્યાં પ્રગતિ ના હોય.આ બધા માટે પ્રયત્ન કરવાનું કયારેય ના ચૂકવું જોઈએ. એવું પણ કહેવાય છે કે જિંદગી દોસ્તો થી માપી શકાય છે જયારે તરકકી દુશ્મનોથી માપી શકાય છે. અદભૂત કાર્યો કરવાની શરૂઆત મૌન ધારણ કરીને કરવી જોઈએ. મૌન અને ધ્યાન માનવીને માનસિક રીતે મજબૂત બનાવી શકે છે.
"ચિંતા એ ચિતા ને કહ્યું કે તું મડદાં બાળે છે જયારે હું જીવતાઓને બાળુ છું. તું એક જ વાર બાળે છે. હું દરરોજ બાળુ છું. તું મડદાં ને વિદાય આપવા મથે છે હું જીવતા ને જકડી રાખવા મથું છું. તું મૃત્યુથી જોડાએલી છે જયારે હું જિંદગી થી જોડાએલી છું. હે ચિતા તું અંતિમ સત્ય છે જયારે હું ચિંતા એ પ્રથમ સત્ય છું". માટે ચિંતા અને ચિતા બન્ને બાજુ છોડો અને તમે ખુદ જ ખુદના ઘડવૈયા બનો....
દરેક મરજીવાને, દરેક ડૂબકીમારને મોતી મળે જ એવું જરૂરી નથી. આખી જિંદગી એના હાથ કદાચ ખાલી જ રહી જાય! મોતી તો નથી મળતા, પણ અંદરથી દરિયો તો અનુભવવા મળે.
જે કામ એક મનુષ્ય કરી શકે તે બીજા પણ કરી શકે કેમ કે સર્વત્ર એક જ નિયમ પ્રસરી રહેલો છે.હા શક્તિમાન થવું અથવા શક્તિ હીન થવું એ તો આપણા જ હાથમાં છે. જે મનુષ્યને પૂર્ણ વિશ્વાસ આવે છે કે હું ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકીશ તે જ મનુષ્ય તેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય જે જે સંકુચિત વિચારો અને મર્યાદાઓ પોતાને માટે બાંધે છે તે જ તેને આગળ વધતાં અટકાવે છે. જેમ દૂધમાં ની મલાઈ દૂધ કરતાં ઉત્તમ હોવાથી ઉપર જ તરી આવે છે તેમ જગતમાં પણ જેઓ પોતાનામાં રહેલી ઉચ્ચ શક્તિઓને જાગ્રત કરે છે તેઓ પણ બીજાઓ કરતા ઉત્તમ હોવાથી સામાન્ય મનુષ્યથી તે ઉપર જ તરી આવે છે.આપણે બાહ્ય સંયોગો વિશે ઘણી બધી વાતો સાંભળીએ છીએ પરંતુ આ વાત ખાત્રીપૂર્વક માનવી કે સંયોગો માણસને બનાવતા નથી પરંતુ મનુષ્ય સંયોગોને બનાવે છે માટે તેણે સંયોગોને પોતાની ભાવના પ્રમાણે બનાવવા જોઈએ.જ્યારે આ વાત આપણે સારી રીતે સમજીશું ત્યારે જણાશે કે આપણી પરિસ્થિતિમાંથી બહાર નીકળવું એ પણ ઘણી વખત તો જરૂરી હોતું નથી. કારણ કે એ જ પરિસ્થિતિમાંથી કેટલું શીખવાનું હોય છે અને પ્રાપ્ત શક્તિનો ઉપયોગ કરીને એ સ્થિતિમાંથી પણ હિતાવહ સંયોગો આપણે ઉપજાવી શકીએ તેમ છીએ. એવી એક પણ ટેવ નથી કે જેના પર જય ન મેળવી શકાય. ખરાબ ટેવ બાપદાદાઓથી ઉતરી આવેલી છે અથવા તો અમુક ટેવ કે સ્વભાવ આપણા જીવનને સદા માટે નીરસ અને શિક્ષાપાત્ર બનાવે છે એવું કદી પણ માનતા નહીં અને બોલતા પણ નહીં. જે પરમાત્માના બળ સામે કશું જ ટકી શકે તેમ નથી એ પરમાત્મા જો આપણે પ્રભાવશાળી બનવું હોય તો બનાવીને જ રહે છે. માત્ર આપણે તૈયારી રાખવી જોઈએ.
જો તમે ડહાપણ વાપરી તમારું વ્યક્તિત્વ જાળવી રાખો તો જ તમારી જાતના સ્વામી બની શકો છો.કારણ કે વધારે ઉચ્ચ તથા લાભદાયક સ્થિતિ મેળવવામાં એ વ્યક્તિત્વ બહુ જ ઉપકારક થઈ શકે તેમ છે. બીજાઓમાં ઘેટોની માફક ભળી જવાથી તેઓ તમને જે માન આપશે તેના કરતાં તમારું વ્યક્તિત્વ બતાવવાથી સમજુ માણસો તમારા વિશે ખૂબ મોટો અભિપ્રાય બાંધશે. જે આવો ખરો વીર હોય છે તે જ સર્વને પોતાના તરફ આકર્ષે છે અને સર્વ પર વિશ્વાસ રાખે છે. આ આપણા અંતરાત્માની વાત છે. હિંમત રાખી અંતરાત્માને અનુસરવું તથા સારી નીતિથી અંતર આત્માને માન આપી ચાલવું એ જ સાચું છે. જે અંતર આત્માને વફાદાર રહે છે તેને કદી પણ દગો થતો નથી. નિર્બળ માણસોએ જ દેખાવ માટે બહારના વિવેક અને આડંબરો ઊભા કરવા પડે છે. હિંમતવાન માણસો સ્વાભાવિક રીતે જ પોતાનું સામર્થ્ય વાપરે છે અને મહાન બને છે.
ઘણા મનુષ્ય હલકા પ્રકારનું જીવન એટલા માટે ગાળે છે કે તેમનામાં પોતાનું વ્યક્તિસ્વાતંત્ર્ય હોતું નથી. તમારે જો પ્રભાવશાળી બનવું હોય તો તમારા પોતાના પર જ આધાર રાખવો પડે, માટે વ્યક્તિગત રીતે સ્વતંત્ર બનો, તમારી જાતને દુર્બળ ન માનો, હું ગરીબ છું, હું રંક છું, મારાથી આ ન થઈ શકે, મને નહીં આવડે, હું આ કામ નહીં કરી શકું......એવું કદી પણ બોલો નહીં, વિચારો નહીં,હું સક્ષમજ છું, હું કરી શકીશ જ એવી ટકોર પોતાની જાતને સતત કરતા રહો.... સફળતા મળશેજ જેની હું ખાત્રી આપું છું.વિશ્વના તમામ શાસ્ત્રો તથા મહામાનવને જોઈએ તો મૂળભૂત વાત એ છે કે "જાતને જાણી શકે તેજ જગતને માણી શકે એવો સંદેશો મળે છે . રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# થરા માર્કેટયાર્ડ ચુંટણીમાં ભાજપ પ્રેરિત પરિવર્તન પેનલની ભવ્ય જીત



કિશોર દવે - પરિવર્તન પેનલના વિજેતા ઉમેદવારો
ખેડૂત વિભાગ.
(૧)ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ
(૨)બાબુભાઈ માલાભાઈ ચૌધરી
(૩)લખમણભાઈ નાનજીભાઈ
(૪)ભગવાનભાઈ કરશનભાઈ પટેલ
(૫)ભેમસંગ ભેમાજીજાદવ
(૬)પ્રવિણભાઈ અમરતભાઈ દેસાઈ
(૭)મગનભાઈ હરદાસભાઈ
(૮)રામાજી કપૂરજી ઠાકોર
વેપારી વિભાગ
(૧)કિરીટભાઈ અમૃતલાલ અખાણી
(૨)પટેલ નાગજીભાઈ ભેમાભાઈ
(૩)જોષી નરેશભાઈ નરભેરામભાઈ
અણદાભાઈ પટેલની પેનલના વિજેતા ઉમેદવાર
વેપારી વિભાગ
(૧)મુકેશભાઈ રાવલ
ખેડૂત વિભાગ
(૧)અણદાભાઈ રામાભાઈ ચૌધરી
(૨)કરશનભાઈ રમાભાઈ ચૌધરી.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની શિક્ષણમંત્રીને રજૂઆત

મિતેશકુમાર પટેલ - અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મિતેષભાઈ ભટ્ટ – પ્રાંત અધ્યક્ષ, સંગઠન મંત્રીશ્રી સરદારભાઈ પ્રાંત મહામંત્રીશ્રી પરેશભાઈ પટેલ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત ના અધ્યક્ષ અનિરુદ્ધસિંહ સોલંકી અને મહામંત્રી પરેશભાઈ પટેલ દ્વારા રાજ્ય કારોબારી બેઠકમાં ગુજરાત ના તમામ જિલ્લાઓમાંથી જિલ્લા અધ્યક્ષ/ મહામંત્રી દ્વારા જિલ્લા તેમજ રાજયના શિક્ષકો ના પ્રશ્નોની મૌખિક લેખિત રજૂઆત કરેલ જે સંદર્ભે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા આજે ગુજરાત ના કેબિનેટ કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી ડૉ કુબેરભાઈ ડિંડોર સાહેબ ની રૂબરૂ મુલાકાત કરી શિક્ષકો ના વિવિધ પ્રશ્નો જેવાકે ૧/૪/૨૦૦૫પછીના શિક્ષકોને જૂની પેન્શન યોજના લાગુ કરવા,પ્રાથમિક શાળાના શિક્ષકો ને tpeo અને ges જેવી પરીક્ષામાં એલિઝેબલ ગણવા ,

માતૃશક્તિ ની પ્રસૂતિ રજા સાથે કારોબારીમાં રજૂ થયેલા મુદ્દાઓ સાથે તમામ પ્રશ્નોની ચર્ચા માનનીય મંત્રીશ્રી સાથે કરવામાં આવી અને લેખિત માં પત્ર લખી આ પ્રશ્નો ના ઉકેલ માટે અધિકારીશ્રી શિક્ષણ વિભાગ અને નાણાં વિભાગ સાથે બેઠક કરી ઉકેલ લાવવા રજૂઆત કરી ,ધોરણ ૧ થી ૫ ની નવી ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલમાં ફરજ બજાવતા જ્ઞાન સહાયકનો કરાર રિન્યુ કરવા બાબત અને જ્ઞાન સહાયક ની નવી ભરતી કરી બદલી થયેલ શિક્ષકોને ૧૦૦% છૂટા કરવા બાબત. જ્ઞાન સહાયક રીન્યુ કરવા બાબતે સાહેબ શ્રી એ માનનીય નિયામકશ્રી ને સૂચના આપી. સાથે આજે અધિક મુખ્ય ચૂંટણી આયોગ અધિકારી એ.બી પટેલ સાહેબ ની રૂબરૂ મુલાકાત કરી હાલ કરવામાં આવેલ શિક્ષકોના બુથ પ્રમાણે જે BLO ના હુકમો કર્યા છે તે રદ કરવામાં આવે સાથે શિક્ષકો અને સંગઠન દ્વારા થતી રજૂઆતો ને તાલુકા અને જિલ્લા કક્ષાએ ધ્યાને લઈ ઘટતું કરવામાં આવે ,અને



વિવિધ બાર પ્રકારની કેડરના કર્મચારીઓને BLO કામગીરી સરખા ભાગે વહેચવા બાબતે સાહેબ સાથે ચર્ચા કરી રજૂઆત કરવામાં આવી ,આગામી સમયમાં જે શિક્ષકો ને BLO હુકુમ કરેલ છે. અને પોતાના મતદાર બુથ માં હુકમો કરેલ છે તે બાબતે નવેસર થી સૂચનો આપવા સાહેબે હકારાત્મક નિર્ણય કરવા ખાત્રી આપેલ છે . સાથે રાજયકક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પાનસેરીયા સાહેબ શ્રી ને પણ પત્ર કરી રજૂઆત કરવામાં આવી. આ તમામ પ્રશ્નો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે ખૂબ ધારદાર રજૂઆત કરવામાં આવી હતી.

# જાબચિતરીયા જૂથ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



મનહરલાલ પંચાલ- ભિલોડા તાલુકાની જાબચિતરીયા જૂથ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવના મુખ્ય મહેમાન ધનજીભાઈ નીનામા (પ્રમુખ તાલુકા પંચાયત ભિલોડા) અતિથિ વિશેષ મનોજભાઈ નીનામા (આઈ પી એસ અધિકારી) તેમજ રાજુભાઈ નીનામા(ઉપપ્રમુખ જિલ્લા અરવલ્લી)ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય રસ્મિકભાઈ પંચાલ દ્વારા શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી. નવા પ્રવેશ પામનાર બાલવાટિકા અને આંગણવાડી બાળકોને શિક્ષણ વિભાગ દ્વારા તથા મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ ના વરદ હસ્તે સ્કૂલબેગ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું .જેમાં તાલુકા અને જિલ્લા પંચાયતના અધિકારી, પદાધિકારી, નિવૃત શિક્ષકો, વાલીગણ,ગ્રામજનો તથા સમગ્ર શાળા પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ના અંતે શાળાના આચાર્ય રસમિકભાઈ પંચાલ દ્વારા આભાર વિધિ કરી મુખ્ય અતિથિ, વિશેષ અતિથિ ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરી કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.- અખંડ ભારત

# આગામી ૬-૭ દિવસમાં સમગ્ર ભારતમાં ભારે વરસાદની આગાહીઃ હવામાન વિભાગ

નવી દિલ્હી,

ભારતીય હવામાન વિભાગે આગાહી કરતાં મંગળવારે જણાવ્યું હતું કે, આગામી છ થી સાત દિવસોમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ભારે વરસાદની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ઉત્તરપશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતના ઘણા ભાગોમાં ચોમાસુ સક્રિય રહેશે.મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઝારખંડમાં પણ ભારે વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશ, ઝારખંડ અને ઓડિશામાં કેટલાક દિવસોમાં ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આગામી સાત દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ભારે વરસાદ પડી શકે છે.આ સમયગાળા દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને કર્ણાટકમાં અઠવાડિયાના કેટલાક દિવસોમાં ભારે વરસાદ પડી શકે છે.

# લઘુ ઉદ્યોગ ભારતી મોરબી જિલ્લાના હોદ્દેદારોની વરણી કરાઈ



ત્રાસદીય ઉત્તમ ભાઈ - ઉદ્યોગ હિત અને રાષ્ટ્ર નિર્માણમાં આર્થિક મજબૂતી વધે તેમજ યુવાનો આત્મનિર્ભર બને, નાગરિકો સ્વદેશી બને તથા રોજગાર વધે તેવા ઉમદા હેતુથી કાર્ય કરતા ભારતના સૌથી મોટા ઉદ્યોગ સંગઠન લઘુ ઉદ્યોગ ભારતીની મોરબીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જિલ્લા પ્રમુખ પદે શ્રી દિનેશભાઈ હરિપરા, જિલ્લાના મહામંત્રી તરીકે શ્રી ઉત્તમભાઈ ત્રાસડીયા, જિલ્લાના ઉપપ્રમુખ તરીકે શ્રી સુરેશભાઈ સરડવા, ખજાનચી તરીકે શ્રી હસમુખભાઈ હાલપરા અને સહમંત્રી તરીકે દિવ્યેશભાઈ એરણિયાની નિયુક્તિ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંવાદ કરતા સૌરાષ્ટ્ર પ્રાંતના મહામંત્રીશ્રી જયભાઈ માવાણીએ લઘુ ઉદ્યોગ ભારતીનો પ્રાથમિક પરિચય, કાર્યો અને સિદ્ધિઓ થી ઉપસ્થિત સૌને પરિચિત કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે મોરબી જિલ્લાના હોદ્દેદારોના નામની જાહેરાત લઘુ ઉદ્યોગ ભારતીના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખશ્રી દિનેશભાઈ ડાંગરિયા દ્વારા કરવામાં આવી હતી. વિશેષ ઉપસ્થિત મા મીલનભાઈ પૈડા - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મોરબી જીલ્લા કાર્યવાહ. અતિથી વિશેષ તરીકે સિરામિક એસોસિયેશન ના વોલ ડિવિઝન ના પ્રમુખશ્રી હરેશભાઈ બોપલીયાએ તથા પેપરમિલ એસોસિયેશનના પ્રમુખશ્રી શૈલેષભાઈ દેત્રોજા એ મોરબીના ઉદ્યોગોના વિકાસ, રોજગાર, સમસ્યા તથા ભાવિ સમાધાન અંગે રજૂઆત કરી હતી. ત્યારબાદ નવનિયુક્ત પ્રમુખ શ્રી દિનેશભાઈ હરીપરાએ આગામી સમયમાં મોરબી જિલ્લામાં કરવા પાત્ર કાર્યો અંગે માહિતી આપી હતી તથા લઘુ ઉદ્યોગ ભારતીની કાર્ય પદ્ધતિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગ ભારતીના મોરબી જિલ્લાના સદસ્યો, સંસ્થાના અન્ય અધિકારી ગણ તથા વરિષ્ઠ સદસ્યો હાજર રહ્યા હતા- અખંડ ભારત.

# મોટા બારમણ ગામની પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



કોટિલ બાવકુભાઈ- ખાંભા તાલુકાના મોટા બારમણ પ્રાથમિક શાળામાં મામલતદાર સાહેબ ની અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં મામલતદાર શ્રી અને પદાઅધિકારીઓ દ્વારા બાલવાટિકા અને આંગણવાડીના બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો સાથે સાથે બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું બાળકોની અભ્યાસ પ્રત્યે રુચિ વધે અને બાળકો પ્રોત્સાહિત થાય એવા ઉમદા હેતુથી મોટા બારમણ ગ્રામ પંચાયત દ્વારા ધોરણ ૧ થી ૮ ના બાળકો પૈકી જે બાળકો એક થી ત્રણ નંબરે ઉત્તર્ણીય થયેલા હતા તે તમામ બાળકોને મામલતદાર શ્રી પરમાર, ઉપસરપંચ દેવશીભાઈ વાઢેર સરપંચ પ્રતિનિધિ જગદીશભાઈ ચૌહાણ દ્વારા શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા ગુજરાત સરકારની ષ્ઠી યોજના અંતર્ગત પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.આ આ કાર્યક્રમમાં ઉપસરપંચ શ્રી દેવશીભાઈ વાઢેર, સરપંચ પ્રતિનિધિ શ્રી જગદીશભાઈ ચૌહાણ, પુર્વ અધ્યક્ષ અલ્પેશ વાઢેર, એડવોકેટ કલ્પેશ વાઢેર, બાવકુભાઈ કોટીલા, ગ્રામ પંચાયત સભ્યો શાળા વ્યવસ્થાપન સમિતિના તમામ સભ્યો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી અવની પટેલ અને શાળાના તમામ શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી

# ઉમેદગઢના તળાવમાં ડૂબી જતાં એકનું મોત

રાજેશ મકવાણા - ઉમેદગઢ ગામની સીમમાં આવેલ તળાવ કિનારે અમિત કુમાર બાબુલાલ ઠાકરડા ઉંમર આશરે ૪૨ વર્ષ સાંજના સમયે ૪ વાગે



તળાવ તરફ ફરવા માટે ગયા હતા ત્યારે અચાનક તેમનો પગ લપસી જતાં પાણીમાં ગરકાવ થઈ જવાથી વધુ પાણી પી જવાથી તેમનું મોત નિપજ્યું હતું.જે બનાવની જાણ સ્થાનિકોને થતાં તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગડની ટીમ ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો બહાર કાઢયો હતો.આકસ્મિક ઘટેલી દુખદ ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની કાલિમાં છવાઈ જવા પામી હતી.-અખંડ ભારત

# હરસોલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગેરરીતી મુદ્દે ચૂંટણી અધિકારીને કરાઈ રજૂઆત

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની હરસોલ ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં વોર્ડ નં.-૭ અને ૮ માં મતદાનમાં ગેરરીતી થઈ હોવાની પ્રબળ શંકાને આધારે ચૂંટણી લડતા બંન્ને ઉમેદવારોએ આ મુદ્દે ચૂંટણી અધિકારીને લેખિતમાં રજૂઆત કરી તટસ્થ તપાસની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે તલોદના હરસોલ ગામ પંચાયતના વોર્ડ નં.-૭માંથી ઉમેદવારી કરતા ભૂમિબેન નિલયભાઈ જયસ્વાલે કરેલ રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે વોર્ડ નં.૭ના કુલ ૫૬૫ મતદારો પૈકી ૪૩૦ નું મતદાન સમય દરમ્યાન મતદાન નોધાયું હતું.જયારે વોર્ડ નં ૮ માંથી ઉમેદવારી કરતા રાજેન્દ્રકુમાર છનાલાલ રાવલે કરેલ રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે કુલ ૩૦૭ મતદારો પૈકી ૨૭૬ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૫ જૂનના રોજ મતગણતરી યોજાઈ ત્યારે વોર્ડ નં.૭માં કુલ ૪૫૫ મત નિકળતા એટલે કે ૨૫ મત વધારે જ્યારે વોર્ડ નં -૭ માં ૨૭૬ના મતદાન સામે ૨૫૬ મત જ મતપેટીમાંથી નિકળતા ૨૦ મતની થયેલ ગેરરીતી મુદ્દે આ બંન્ને ઉમેદવારોએ મતદાન પ્રક્રીયામાં થયેલ ગેરરીતીની તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે ચૂંટણી અધિકારીને લેખિતમાં રજૂઆત કરી તટસ્થ તપાસની માંગ કરી હોવાનું જાણવા મળેલ છે.

# લ્યો કરો વાત,ચાસવડ ખાતે આવેલ દૂ.મં.ના ગોડાઉન માંથી રૂ ૫.૬૧ લાખના ઘી ની તસ્કરી

**પ્રજાપતિ પ્રતિકકુમાર - નેત્રંગ- ઝંખવાવ રોડ પર ચાસવડ ગામે આવેલ શ્રી નેત્રંગ વિભાગ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી ના મુખ્ય હેડ મેનેજરે તા.૧ જુલાઈ ૨૫ ના રોજ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ચાસવડ ખાતે આવેલ મુખ્ય ગોડાઉન માંથી રૂ ૫.૬૧ લાખના મુદામાલ ના ઘી ના ડબ્બા ની થયેલ ચોરી બાબતની ફરિયાદ નોધવતા ચાસવડ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.શ્રી નેત્રંગ વિભાગ દુધ ઉત્પાદક સહકારી મંડળી ચાસવડ ખાતે કાર્યરત છે. આ સહકારી મંડળીમાં હેડમેનેજર તરીકે સુરેશભાઈ પટેલ ફરજ બજાવે છે જેવોના તાબા હેઠળ મંડળીમાં અન્ય કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમા ગોડાઉન વિભાગમાં મુખ્ય જવાબદાર કર્મચારી તરીકે જયરાજસિંહ રમેશભાઈ સુરતીયા ફરજ બજાવે છે. સદર કર્મચારીએ તા.૧૮ જુન ૨૫ ના રોજ હેડ મેનેજર સુરેશભાઈ પટેલને જણાવેલ કે આપણા ગોડાઉનમાં સ્ટોકમાં રાખેલ ઘી ના બોક્સ ઓછા હોવાનુ માલુમ પડી રહ્યુ છે. જે હકીકત દયાન પર લાવતા ગોડાઉન વિભાગમાં ફરજ**




બજાવતા અન્ય કર્મચારીઓને ઘી ના સ્ટોક બાબતની ગણતરી કરાતા ઘી નો સ્ટોક ઓછો હોવાનું જણાય આવેલ આ બાબતની જાણ મેનેજરે મંડળીના ચેરમેન કવિભાઈ ઉર્ફે માસ્ટર વસાવા સહિત કમિટી ને જણાવતા ઓછો થયેલ ઘી ના જથ્થા બાબતે જીણવટ થી તપાસ કરો અને સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું સુચન મળતા સીસીટીવી ફૂટેજ ચેક કરાતા તા.૪,૧૪, ૧૭,૨૫ મે ૨૦૨૫ તેમજ તા.૧૩, ૧૪ જુન ૨૦૨૫ના રોજ આમ કુલ છ દિવસ દરમ્યાન રાત્રિના અલગ અલગ સમયે ગોડાઉનના પાછળના ભાગે આવેલ આશરે ૧૨ ફટ ઉચી દિવાલ પર લગાવેલ પતરાના સ્કુ ખોલીને પ્રવેશ કરી તસ્કરી કરી હોવાના આધાર પુરાવા મળતા તા.૧ જુલાઈ ૨૫ ના રોજ મંડળીના મુખ્ય ગોડાઉન માંથી ૧ લી વાળા ઘી ના ડબ્બા ના કાર્ટુન નંગ ૭૭૧૨ તેમજ ૧ કાર્ટુન ૧૧ નંગ મળી કુલ્લે ૯૩૫ નંગ જેની કુલ કિંમત રૂ ૫,૬૧,૦૦૦/=ના મુદામાલ ની થયેલ ચોરીની નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા નેત્રંગ પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ પીઆઇ આર સી વસાવાએ હાથમાં લઈ તસ્કરોને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે.- અખંડ ભારત

# આટખોલની સીમમાંથી રૂ.૩.૮૦ લાખનો દારૂ ઝડપાયો

પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તા.૩૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ અન્વયે પેટ્રોલિંગમાં હતો, તે સમય દરમ્યાન ચોકસ બાતમીદાર થી બાતમી મળેલ કે કંબોડીયા ગામનો બુટલેગર પ્રવિણ ઉર્ફે બટકો ગુલાબસીંગ પાંટણવાડીયાએ કંબોડીયા-આટખોલ ગામ વચ્ચે આવેલ એક શિરડીના ખેતરમાં મોટા જથ્થા માં વેચાણ કરવાના ઈરાદે ઈગલીંશ દારૂનો જથ્થો ઉતારેલ છે.જે બાતમી આધારે ખેતરમાં તપાસ કરાતા અલગ અલગ ઝભલામાં મુકેલ ઈગલીંશ દારૂનો જથ્થો હાથ લાગ્યો હતો,જેની ગણતરી કરાતા નાની મોટી બોટલ નંગ ૭૩૨ તેમજ બીયરના ટીન નંગ ૩૧૨ મળી કુલ્લે બોટલ નંગ ૧૦૪૪ જેની કિંમત રૂ.૩,૮૦,૪૦૦/-નો મુદામાલ જપ્ત કરી પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી નેત્રંગ પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

# જીલ્લો તાપી અને તાલુકા સોનગઢના સરપંચ પદે વિજેતા થયેલા ઉમેદવારોની યાદી



ધનરાજ ચૌહાણ

૧.અમલ પાડા જુથ સીટ પરથી ઈશ્વરભાઈ સિંગાભાઈ વસાવા

૨.ઉકાઈ જ્યોત પરથી અંજનાબેન મંગલદાસ ગામીત

૩.ઉખલદા ગ્રામ પંચાયતમાંથી સપનાબેન બીપીનભાઈ ચૌધરી ૪. ઉમરદા ગ્રામ પંચાયત માંથી ઉર્મિલાબેન દીપકકુમાર ગામીત

૫. ચાપાવડી જૂથ ગ્રામ પંચાયત પરથી અશ્વિનભાઈ બાપજીભાઈ ગામીત

૬. ચીમકુવા ગ્રામ પંચાયત પરથી કલ્પેશભાઈ છનાભાઈ ગામીત

૭. જુનવાણ જૂથ ગ્રામ પંચાયત પરથી ભાવનાબેન સંજયભાઈ ગામીત

૮. ઝરાલી જૂથ ગ્રામ પંચાયત પરથી દિનેશભાઈ લાલજીભાઈ ગામીત

૯. ટાપર વાળા જૂથ ગ્રામ પંચાયત પરથી એલિસા બેન અયુબભાઈ ગામીત

૧૦. દોણ જૂથ ગ્રામ પંચાયત પરથી ઉર્મિલાબેન કમલેશભાઈ ગામીત

૧૧ધનમોલી ગ્રામ પંચાયત પરથી અર્જુનભાઈ ભીલકાભાઈ ગામીત ૧૨.પાગડધુઆ ગ્રામ પંચાયત પરથી વસુબેન ગુરીયાભાઈ વસાવા

૧૩. બુધવાળા ગ્રામ પંચાયત પરથી જાંબુબેન કિરણભાઈ વસાવા

૧૪. માડવીપાણી ગ્રામ પંચાયત પરથી જૈતીલાલ આતરિયાભાઈ વસાવા

૧૫. વાગદા ગ્રામ પંચાયત પરથી દિનેશભાઈ છોટુભાઈ ગામીત

૧૬. સાત કાશી ગ્રામ પંચાયત ભરતી શૈલેષભાઈ શંકરભાઈ વસાવા

૧૭. હનુમંતિયા ગ્રામ પંચાયત ભરતી સોનલબેન પ્રદીપ કુમાર ચૌધરી - અખંડ ભારત

# સાબરકાંઠા ભારતીય કિ.સંઘ દ્વારા આવેદનપત્ર અપાયું



સાબરકાંઠા જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા સાબરડેરી દ્વારા પ્રતિવર્ષ ચૂકવાતા દૂધના ભાવફેરની રકમ સત્વરે પશુપાલકોને ચૂકવામાં આવે તેવી માંગ સાથે કિસાન સંઘના હોદ્દેદારો,કાર્યકરો અને પશુપાલકોની ઉપસ્થિતીમાં ડેરીના વાઈસ ચેરમેન,તથા એમ ડી ,ને આવેદનપત્ર સુપ્રત કરી માંગણી કરી છે.-અખંડ ભારત

# અબડાસા વિસ્તારમાં સૂચિત મંડળીઓ કાર્યરત રાખવા રજૂઆત



જાટ નુરમામદ - કચ્છના અબડાસા વિસ્તારમાં સુચિત મંડળીઓ બંધ કરવાના રાજ્ય સરકારના નિર્ણય સામે અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ પશુપાલકો અને ખેડૂતોના હિતમાં આ નિર્ણય મુદ્દે ફેર વિચારણા કરી સૂચિત મંડળીઓ કાર્યરત રાખવામાં આવે તેવી માંગ તેમને જન પ્રતિનિધિ તરીકે રાજ્ય સરકારના દરબાર સુધી પહોચાડતા ખેડૂતો, પશુપાલકોમાં ખુશી પ્રસરી હતી.-અખંડ ભારત

# હિંમતનગર ના હેડ કોન્સ્ટેબલની પ્રેરણાદાયી કામગીરી



કુંવરસિંહ ચૌહાણ- સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર ખાતે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડકોન્સ્ટેબલ દલજીતસિંહ રાઠોડ એ મધ્યમવર્ગના યુવક યુવતીઓ ને રંનિંગ સ્પોટ્ર્સ સુજ આપી માનવતા મહેકાવી છે માયન હાઈસ્કૂલ રનિંગ કરવા આવતા અનેક યુવક યુવતીઓ ને પોતાની કારકિર્દી માટે મહેનત કરતા હોય છે જેને લઈને દલજીતસિંહ રાઠોડ એ આ યુવક યુવતીઓ પોતાની કારકિર્દી માં સફળતા મળે તે હેતુથી ૩૦ થી વધારે સ્પોટ્ર્સ સુજ આપી સમાજ સેવાની સાથે સાથે પોતાની ફરજ દરમ્યાન માનવતા મહેકાવી હતી.

-અખંડ ભારત

# સુરેન્દ્રનગરમાં રાશનકીટનું વિતરણ કરાયું



દેદાનીયા સુંદરભાઈ - સુરેન્દ્રનગર મા રહેતા વિચરતી અને વિમુક્ત જાતિઓ ના જરુરિયાતમંદ ,અશકત, વૃદ્ધ અને નિરાધાર કે જે કામ કરી શકે તેમ નથી એવા લોકો ને એક માસ ચાલે તેટલા કરીયાણા ની કીટ નુ વિતરણ સંસ્થા ના સ્થાપક મિતલબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જીલ્લા કો-ઓર્ડીનેટર હર્ષદ કે વ્યાસ દ્વારા કરવામા આવ્યુ હતુ. દર મહિને આવા વૃદ્ધો ને રાશનકીટ આપવામા આવશે.-અખંડ ભારત

# લાકરોડામાં વૃક્ષારોપણ કરાયું



કુવરસિંહ ચૌહાણ - પ્રાંતિજ સેવા મંડળ મહર્ષિ દયાનંદ સરસ્વતી તેમજ આર એસ એસ ટીમ ના સંયુક્ત ઉપક્રમે લાકરોડા દર્શન યોગધામ ની પવિત્ર રમણીય ભૂમિ પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો જીવન લંબાવો અભિયાન ના અંતગર્ત અલગ અલગ પ્રકારના ફળ અને ઓક્સિજન આપનાર ૧૩૦ વૃક્ષો નું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.પ્રાંતિજ આર એસ એસ ની ટીમ અને સેવાભાવી વૃક્ષપ્રેમી એવા એડવોકેટ મહેન્દ્રભાઇ પંડ્યા એ વૃક્ષારોપણ કરાવ્યું હતું.-અખંડ ભારત

# શ્રી મહાત્મા જ્યોતિબા ફુલે પ્રા,શાળામાં વૃક્ષારોપણ કરાયું



હર્ષદભાઈ રોજાસરા- શ્રી મહાત્મા જ્યોતિબા ફુલે પ્રાથમિક શાળા નંબર ૭૭ ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટમાં એક પેડ માં કે નામ અંતર્ગત બાળકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને વૃક્ષો નું જતન કરવાની પ્રતિજ્ઞા આચાર્ય શ્રી હર્ષદભાઈ રોજાસરા દ્વારા લેવડાવામાં આવી હતી.-અખંડ ભારત

# બાબરાની સરકારી કમળશી હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કરાયું



જયેશ મકવાણા - બાબરા ખાતે આવેલી સરકારી કમળશી હાઈસ્કૂલમાં આજે ભવ્ય "પ્રવેશ ઉત્સવ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શાળામાં નવા પ્રવેશીત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.શાળાના પ્રાંગણમાં આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને હાર્દિક આવકાર આપવાનો અને તેમને શાળાના વાતાવરણથી પરિચિત કરાવવાનો હતો. ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યક્તિના જીવનનો પાયો છે અને કમળશી હાઈસ્કૂલ જેવા સરકારી શાળાઓ દ્વારા મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત મહત્વનું છે. તેમણે વિદ્યાર્થીઓને સખત મહેનત કરવા અને પોતાના સપના સાકાર કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.પ્રવેશ ઉત્સવના ભાગરૂપે, શાળા પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયોહતો. ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા, શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યુંહતું. પર્યાવરણ સંરક્ષણના મહત્વ પર ભાર મૂકતા શ્રી તળાવિયાએ જણાવ્યું હતું કે, વૃક્ષો વાવીને આપણે આવનારી પેઢી માટે સ્વચ્છ અને હરિયાળુંવાતાવરણ નિર્માણ કરી શકીએ છીએ.-અખંડ ભારત

# દશાવાડામાં આર્મી જવાનનું સ્વાગત કરાયું



ઠાકોર વિષ્ણુજી - સિધ્ધપુર તાલુકાના દશાવાડા ગામનાના પનોતા પુત્ર એવા હરીસિંહ સબળાજી વાઘેલા જેઓ એ ઈન્ડિયન આર્મી માં અઢાર વર્ષની સર્વિસ પુરી થતાં વય નિવૃત થયા હતા અને આજે સવારે નવ વાગ્યે પોતાના માદરે વતન દશાવાડા પધાર્યા હતા ત્યારે સમગ્ર દશાવાડા ગામના સર્વ સમાજના લોકોએ ખુબ ઉમળકાભેર ડીજે સાથે ખુલ્લી ગાડીમાં દશાવાડા પાટીયા થી તેમના વતન માં લાવ્યા હતા અને બ્રહ્માણી માતાજી ના મંદિરે દર્શન કરી સ્ટેજ પર પંહોચી ને સમગ્ર ગ્રામજનો નું અભિવાદન કર્યું હતું અને સમગ્ર ગ્રામજનો દ્વારા શાલ સાફાઓ બુકે તેમજ શ્રીફળ સાકર થી સ્વાગત કર્યું હતું ત્યારે જ્યારે ડીજે પર દેશ ભક્તિ ના ગીતો ના તાલે સમગ્ર ગામમાં દેશભક્તિનો માહોલ પ્રસરી ગયો હતો.-અખંડ ભારત

# બનાસકાંઠામાં પ્રદૂષિત પીવાના પાણીની સમસ્યાથી સ્થાનિકો ખફા



ભાનુંભાઈ પરમાર - બનાસકાંઠા જિલ્લાના વાવ,થરાદ,સુઈગામ,પંથકમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પુરો પાડવામાં આવતા પાણીના જથ્થામાં પ્રદૂષિત પાણી નળમાં આવતું હોઈ આ પાણી પીવા તો શુ પણ ઘર વરરાશના કામમાં પણ ઉપયોગમાં ન લઈ શકાય તે પ્રકારનું આવતું હોઈ સ્થાનિક પ્રજાજનોને શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવામાં આવે તેવી પ્રજાજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

# તલોદ તાલુકામાં બાજરી અને તલનો પાક બગડી જવાની શક્યતા,ખેડૂતોને મોટુ નુકશાન





સાબરકાંઠા જિલ્લાના તલોદ સહિત તાલુકા પંથકમાં ચાલુ સાલે ઉનાળુ બાજરી,તલનું મોટા પ્રમાણમાં ખેડૂતો દ્વારા મોઘાદાટ ભાવના બિયારણ,ખેડ,ખાતર,પાણી અને કાળઝાળ ગરમીના માહોલમાં પણ તનતોડ મહેનત કરીને તૈયાર કરેલ કૃષિ ઉપજ લલણીના સમયે મેઘરાજાનું આગમન થઈ જતાં એકધારો સતત પડી રહેલા વરસાદને કારણે વરાપ નહી નિકળતા સતત ભેજ ભર્યા માહોલ વચ્ચે પાક પલડી જતાં ઉનાળું બાજરીની ઉપજ પુનઃ ઉઘી નિકળતા બાજરીનો પાક સદંતર નિષ્ફળ જવાની સાથે સાથે તલનો પણ લલણી કરેલ પાક ખેત સિમાડામાં પલડી જતાં શ્યામ પડી જતાં ખેડૂતને માથે ઓઢીને રોવાનો વારો આવ્યો છે.જગતના તાતના મોઢામાં આવેલો કોળીયો ઝૂટવાઈ જતાં ખેડૂતની હાલત કફોડી થઈ છે.દર વર્ષે મેઘરાજાને વરસવા માટે રિઝવવા પડતા હતા.પરંતુ ચાલુ સાલે મેઘરાજાનું આગમન થઈ જતાં સતત વરસી રહેલા વરસાદને કારણે ઉનાળુ ખેતીપાકમાં ખેડૂતોને મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો હોઈ આ મુદ્દે કેટલાક જાગૃત ખેડૂતોએ તલોદ તાલુકા કિસાન સંઘના હોદ્દેદારોને રજૂઆત કરી સહાયની માંગ સાથે સરકાર સુધી રજૂઆત કરી નુકશાનીનો સર્વે કરાવી ખેડૂતોને પાક નુકશાનીનું વળતર ચૂકવામાં આવે તેવી ખેડૂત પરિવારોની માંગ ઉઠી છે.

# ખોરવાડ પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો



અશ્વિનસિંહ - ખોરવાડ પ્રા.શાળામાં મધ્યાહન ભોજનની કામગીરી સંભાળતા શિવસિંહ પ્રતાપસિંહ ચૌહાણ જેમનો આજ રોજ વિદાય સમારંભ સ્થાનિક શાળા કક્ષાએ રાખવામાં આવ્યો હતો. શાળાના તમામ બાળકોને કાકા શ્રી તરફથી નાસ્તાનું આયોજન કરેલ તથા શાળાના શિક્ષક મિત્રો દ્વારા વિવિધ ભેટ આપવામાં આવી તેમજ શાળાના શિક્ષકો દ્વારા કાકાનું નિવૃતિમય જીવન ખૂબ તંદુસ્ત નિરોગી દીર્ઘાયુ આયુષ્ય ભગવાન આપે એવી તમામ મિત્રો દ્વારા શુભેરછાઓ પાઠવી હતી.

-અખંડ ભારત

# લવારી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ તથા વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો







તલોદ તાલુકાના લવારી પ્રાથમિક શાળમાં કન્યા કેળવણી આંગણવાડી બાલવાટિકા શાળા પ્રવેશોત્સવ તથા વૃક્ષા રોપણ કાર્યક્રમ ઉજવાયો હતો આ કાર્યક્રમ દરમિયાન તલોદ તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ ચેતનાબેન પટેલ કિશોરભાઈ ભગોરાઈજનેર શ્રી મયંકભાઈ પટેલ. સી આર સી પરમાર સુમિત્રાબેન સરપંચ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ ચેરમેન સેવા સહકારી મંડળી લવારી ભટ્ટ કમલેશભાઈ. આચાર્ય શ્રી તથા દૂધ મંડળ ચેરમેન અને સેક્રેટરી શ્રી ઓ હાજર રહ્યા હતાં.આ કાર્યક્રમમાં ૫૧ જેટલા બાળકોએ વિવિધ ધોરણમાં પ્રવેશ મેળવ્યો હતો અંતે પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કર્યું હતું આ કાર્યક્રમમાં પ્રજ્ઞેશભાઈ પટેલ તરફ થી શાળાના તમામ વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવી હતી અને મયંકભાઈ પટેલ દ્વારા નવીન શાળા ના વિદ્યાર્થીઓને બેગ આપવામાં આવી હતી .કાર્યક્મના અંતે વિદ્યાર્થીઓને રમેશભાઈ પટેલ દ્વારા ચોકલેટ આપવામાં આવી હતી.-અખંડ ભારત

# પાટીદાર નેતાઓએ બાંયો ચડાવીઃ ગુજરાત કોંગ્રેસની કમાન સોંપવા માંગ, પાટણમાં મહાસંમેલનની તૈયારી

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી કડી અને વિસાવદરની પેટા ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહે પોતાના પદ પરથી રાજીનામું આપી દેતાં આ પદ ખાલી છે. ત્યારે આ પદની જવાબદારી કોને સોંપવામાં આવશે તેને લઈને રાજકીય વર્તુળમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે. જેને લઈને અમદાવાદ ખાતે ગુજરાત કોંગ્રેસના નેતાઓની બેઠક યોજાઈ હતી. જેમાં પાટીદાર નેતાને પ્રમુખ પદ સોંપવાની માંગ ઉઠી છે. તો બીજી તરફ પાટણમાં મહાસંમેલન યોજવાની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે.

હાલમાં કોંગ્રેસમાં પ્રમુખ પદ અને વિપક્ષના પદને લઈને મોટો ડખો પડ્યો છે. કોંગ્રેસના પાટીદાર નેતાઓએ બાંયો ચડાવી છે. પાટણમાં યોજાનારા આ મહાસંમેલનમાં પાટીદાર સમાજ ઉપરાંત અન્ય સમાજના આગેવાનો પણ હાજર રહેશે. કોંગ્રેસ ધારાસભ્યો અને પૂર્વ ધારાસભ્યો, પાલિકા પ્રમુખ, જિલ્લા-તાલુકા સહિતના તમામ આગેવાનો હાજરી આપશે. તાજેતરમાં શહેર, તાલુકા અને જિલ્લા પ્રમુખોની નિમણૂંકને લઈને કોંગ્રેસમાં છૂટો છવાયો ડખો ચાલી રહ્યો હતો. જે હવે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ સંમેલનમાં રાહુલ ગાંધીને મળવાનો ટાઇમ માંગવામાં આવશે. રાહુલ ગાંધીને મળીને ૩ મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ ઉપરાંત રાહુલ ગાંધીને મળવા કોણ કોણ જશે તેની એક ટીમ બનાવવામાં આવશે. રાહુલ ગાંધીને મળીને કઇ કઇ માંગણીઓ કરવી તેને લઈને પણ ચર્ચા કરવામાં આવશે. આ માંગણીઓ ત્યાં લેખિત સ્વરૂપે રજૂ કરવામાં આવશે. આ માંગણીમાં મુખ્યત્ત્વે ત્રણ મુદ્દાઓ પર ફોકસ કરવામાં આવશે. જેમાં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ભરત સિંહ અને અમિત ચાવડાને સાઇડલાઇન કરી પાટીદાર નેતા અથવા બીજા કોઇ નેતાને સુકાન સોંપવામાં આવે. આ ઉપરાંત ગેનીબેન ઠાકોરને સમાજમાંથી મુખ્ય નેતા તરીકે સ્થાન અપાય તેવી માંગ કરાશે. પાટીદાર નેતાઓનું માનવું છે કે પાટીદાર સમાજ વર્લ્ડની સૌથી પાવરફૂલ કોમ્યુનિટી છે જેને કોંગ્રેસ નજરઅંદાજ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે અમદાવાદ ખાતે યોજાયેલી પાટીદાર નેતાઓની બેઠકમાં ધારાસભ્યો,પૂર્વ ધારાસભ્યો અને જિલ્લા પ્રમુખો સહિતના આગેવાનો અને નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક બાદ પૂર્વ ધારાસભ્ય લલિત કથગરા અને પ્રતાપ દુધાતે કહ્યું હતું કે પાટીદાર સમાજ કેટલાક અંશે વહેંચાઇ ગયો છે, તેને કોંગ્રેસ તરફ વાળવા માટે પ્રયાસ કરીશું. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ પદે પાટીદાર નેતાને સોંપવામાં આવે તેવી અમારી માંગ છે.

# બાવળી ગામમાં બટુક ભોજન અપાયું



દેદાનીયા સુંદરભાઈ -ધ્રાંગધ્રા તાલુકાના બાવળી પ્રાથમિક શાળા માં ભણતા તમાંમ બાળકો ને સ્વ.પ્રકાશ કુમાર જશાભાઈ રાઠોડ ના આત્માની શાંતિ માટે બટુક ભોજન આપવામાં આવતા આ તબકકે શાળા પરિવારે બુટક ભોજનના દાતા પરિવારનો આભાર માન્યો હતો.-અખંડ ભારત

# દશાવાડામાં રક્તદાન શિબિર યોજાઈ



ઠાકોર વિષ્ણુજી- મુસ્લિમ સમાજના પવિત્ર તહેવાર મોહરમ ચાલી રહ્યો છે ત્યારે સિધ્ધપુર તાલુકાના દશાવાડા ગામના શીયા જાફરી મશાયખી મોમીન જમાત દ્વારા સતત વીસમી વાર રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ૨૭૫ થી વધારે બોટલ નું રક્તદાન થયું હતું જેમાં મહિલાઓ અને પુરુષોએ હોશભેર રક્તદાન કરી માનવતા નું ઉતમ ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું હતું- અખંડ ભારત

# ઝાલોદના ડુંગરી ગામમાં થયેલા ભ્રષ્ટાચાર મુદ્દે રજુઆત



વિપુલકુમાર બારીઆ -ઝાલોદ તાલુકાના ડુંગરી ગામના જાગૃત નાગરિકો દ્વારા વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૪ સુધી પૂર્ણ થયેલા કામોની તટસ્થતા પૂર્વક તપાસ કરવા માટે ગ્રામ પંચાયત થી લઈને જિલ્લા કલેકટર સુધી લેખિતમાં રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

# ડાંગ જિલ્લામાં છેલ્લા ૧૦ કલાકમાં સરેરાશ ૪૪.33 મી.મી વરસાદ નોંધાયો

ઘિસારામ ચૌધરી - રાજ્યના છેવાડે આવેલા વનાચ્છાદિત ડાંગ જિલ્લામા સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે.જિલ્લાના ડિઝાસ્ટર કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર આજે એટલે કે તા. ૦૨/૦૭/૨૦૨૫ના રોજ સવારના ૬ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીના દસ કલાકમા સરેરાશ ૪૪.૩૩ મી.મી. વરસાદ (મોસમનો કુલ વરસાદ ૭૫૫ મી.મી.) નોંધાવા પામ્યો છે. વિગતે જોઈએ તો આ દસ કલાકમા આહવા તાલુકામા ૩૦ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૭૭૪ મી.મી.), વઘઈ તાલુકામા ૧૩ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૭૬૩ મી.મી.), અને સુબીર તાલુકામા ૯૦ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૭૨૯ મી.મી.) મળી જિલ્લામા સરેરાશ ૨૩ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૭૫૫.૩૩ મી.મી.) વરસાદ નોંધાઈ ચુક્યો છે. દરમિયાન આ વરસાદને પગલે આજે બપોરે ત્રણ વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લાના જિલ્લા પંચાયત હસ્તકના ૩ જેટલા માર્ગો વરસાદી પાણીને કારણે અવરોધાતા તે બંધ થવા પામ્યા છે. જે માર્ગો વરસાદને કારણે બંધ થવા પામ્યા છે તેમા વઘઇ તાલુકાના (૧) ખાતળ ફાટક થી ધોડી રોડ, (૨) ભેસકાત્રી આસરિયા ફળિયા રોડ, અને (૩) માછળી ચિખલા દિવડ્યાવન રોડનો સમાવેશ થાય છે.ઉલ્લેખનિય છે કે, ચોમાસાની ઋતુમાં ડાંગ જિલ્લાની વનાચ્છાદિત પ્રકૃતિને મનભરીને માણવા માટે, પ્રકૃતિપ્રેમી પર્યટકો ડાંગ જિલ્લામાં ઉમટી પડે છે. ત્યારે અહીના નદી, નાળા, કોતરો, જળધોધ, ખીણ પ્રદેશ, ડુંગરો, વૃક્ષો, વન્યજીવો વિગેરે સાથે સેલ્ફી લેતા કે ફોટોગ્રાફી કરતા લોકો, ક્યારેક અજાણતા જ પોતાના કે અન્યોના જીવનું જોખમ ઊભું કરતા હોય છે. જેમને સભાનપણે અહીના પ્રાકૃતિક નજારાને માણવા માટે જિલ્લા વહીવટી તંત્રએ અનુરોધ કર્યો છે.જાહેર માર્ગો કે સાર્વજનિક પર્યટન સ્થળોએ આડેધડ વાહનો પાર્ક નહિ કરવા, જોખમી રીતે સેલ્ફી લેવા કે ફોટોગ્રાફી નહિ કરવા, નદી-નાળા-કોતરો કે જળધોધમા નહિ ઉતરવા, વરસાદી વ્હેણ કે પાણી ભરાયાં હોય તેવા માર્ગો કે પુલો ઉપરથી પસાર નહી થવા સાથે, ભૂસ્ખલનને કારણે બંધ કરાયેલા માર્ગોનો ઉપયોગ નહિ કરવા, કાયદો વ્યવસ્થા જાળવતા લાશ્કરો અને સ્વયંસેવકોને સહયોગ આપવા જેવી બાબતે, વિશેષ જાગૃતિ સાથે પ્રજાધર્મ નિભાવવા, જિલ્લા વહીવટી તંત્રએ સૌને ફરીવાર અપીલ કરી છે.-અખંડ ભારત

# ડાંગ જિલ્લાના ગલકુંડ, વઘઇ અને સુબીરમાં બેનીફિસિયરી સેચ્યુરેશન કેમ્પ યોજાયા



ઘિસારામ ચૌધરી -ભારત સરકાર દ્વારા દેશના આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને વેગવંતો બનાવવા ધરતી આબા જનજાતિય ગામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા. ૧ જુલાઇ થી ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર તાલુકામાં ધરતી આબા જનભાગીદારી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે તા. ૧૫ જુલાઇ સુધી વિવિધ ક્લસ્ટરમાં કેમ્પ યોજાનાર છે. આજરોજ આહવા તાલુકાના ગલકુંડ પ્રાથમિક શાળા ખાતે બેનીફિસિયરી સેચ્યુરેશન કેમ્પ યોજાયો હતો. જેમાં જાખાના, પિપલપાડા અને ગલકુંડ ગ્રામ પંચાયતના લોકોએ કેમ્પમાં ભાગ લીધો હતો. તેમજ વઘઇ તાલુકા પ્રાથમિક શાળા ખાતે વઘઇ, ચીચીનાગાવઠા, ભેંડમાળ, દગડીઆંબા અને ડુંગરડા ગ્રામ પંચાયતના લોકો અને સુબીર પ્રાથમિક શાળા ખાતે સુબીર, કડમાળ, કસાડબારી, ગાંવદહાડ, ગીરીમાળ, શિંગાણા ગ્રામ પંચાયતના લોકોએ કેમ્પમાં ભાગ લઈને વિવિધ સરકારી યોજનાકીય લાભો લીધા હતાં.

આ અભિયાન હેઠળ આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ માટે આધાર કાર્ડ, રેશન કાર્ડ, આયુષ્માન કાર્ડ (PM-JAY), જાતિ/રહેવાસી પ્રમાણપત્ર, કિસાન ક્રેડિટ કાર્ડ (KCC), પીએમ-કિસાન જન ધન ખાતું, વીમા કવર (PMJJBY/ PMSBY) વૃદ્ધ પેન્શન, વિધવા પેન્શન, દિવ્યાંગ પેન્શન રોજગારી અને આવક આધારિત યોજનાઓ (મનરેગા, પીએમ વિશ્વકર્મા, મુદ્રા લોન) મહિલાઓ અને બાળકો માટે પીએમમેવાય, આંગણવાડી લાભ, રસીકરણ વગેરે કામગીરી કરવામાં આવનાર છે.આગામી તા. ૩ જુલાઇના રોજ આહવા તાલુકાના ભવાનદગડ પ્રાથમિક શાળા, વઘઇ તાલુકામાં રંભાસ પ્રાથમિક શાળા અને સુબીર તાલુકાનું પિપલદહાડ પ્રાથમિક શાળા કેમ્પ યોજાશે.-અખંડ ભારત

# ગાંધીધામમાં સમસ્યાનો ભરડો, દૂષિત પાણીથી પ્રજાજનો ત્રસ્ત

વિજયકુમાર માંગલીયા - ગાંધીધામ નગરપાલિકા માંથી ગાંધીધામ મહાનગરપાલિકા ની રચના થઇ છે ત્યારથી શહેરની સમસ્યાઓ ઓછી થવા ના બદલે વધી રહીં છે. હજી નવી મહાનગરપાલિકાની ચૂંટણી થઈ નથી ત્યારે કમિશનર વહીવટ ચલાવે છે. શરૂઆતમાં કમિશનરે અમુક વિસ્તારોમાં દબાણ હટાવવા ની કામગીરી શરૂ કરેલ ત્યારે તેમની વાહવાહ થવા લાગી પરંતુ જયારે તેમણે શહેરના મુખ્ય માર્ગ પરથી દબાણ હટાવવાની કામગીરી શરૂ કરી તો અચાનક તેમની બદલી કરી દેવામાં આવી. લોકોનું માનવું છે કે શહેરમાં મોટા માથાઓના રોડ પરનાં દબાણ અને ગેરકાયદેસર ના બાંધકામના તોડફોડને અટકાવવા માટે આ બદલી કરવામાં આવી હતી.હાલે દબાણ હટાવવાની કામગીરી બંધ છે.ગાંધીધામ શહેર હાલે નવી સમસ્યાથી પીડાઈ રહ્યુ છે. શહેર ના સેક્ટર બે, ત્રણ, પાંચ, છ,અને સાતના અમૂક વિસ્તારોમાં પીવાના પાણીમાં ગટરનું પાણી



મિક્સ થઈ જતા લોકોને ગટરનું પાણી પીવા મજબૂર થવું પડ્યું છે. આ બાબત લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા સમાન છે.જાણકારોનું માનવું છે કે પાણી અને ગટર ની ચાલીસ થી પચાસ વર્ષ જુની સિમેન્ટ ના પાઈપ વાળી લાઈનો હોવાથી અને સતત પાણીના સંપર્ક હોવાથી તે તુટી જાય છે અને જ્યાં આ બંને લાઈન એકબીજાને ક્રોસ કરે છે ત્યા ઘસારા ના કારણે તૂટી જવાથી ગટરનુ પાણી પીવાના પાણીમાં મિક્સ થઈ જાય છે.અગાઉના નગરપાલિકાના સતાધીશો આ લાઈનો બદલાવવાની કોઈ દરકાર કરી નથી. આ ઉપરાંત શહેરને પાણી પૂરું પાડતા પાણીના ટાંકાની હાલત પણ જર્જરીત છે. સેક્ટર ચાર અને જગજીવનનગર ના ટાંકા એટલાં જર્જરીત છે કે ગમે ત્યારે પડી શકે છે. બંને ટાંકા માંથી પાણી લીક થાય છે. બંને ટાંકા ની પાસે આવેલા પમ્પ રૂમની હાલત પણ બદતર છે: પાણી અને ટાંકા ની આવી હાલત હોવા છતાં સત્તાવાળાઓ આ બાજુ મુલાકાતે આવતા નથી. આ બાબતે અમે નવા કમિશનર મેહુલ દેસાઈ સાથે ફોનથી સંપર્ક કરી વાત કરી તો તેમણે પાણીની લાઈન સાથે ગટરનું આવતી હોવાની વાત કબૂલી હતી અને જણાવ્યું હતુ કે આનું ફોલ્ટ શોધવા માટે એક ટીમ સ્થળ પર કામગીરી કરી રહી છે, પરંતુ ફોલ્ટ મળતો નથી, કારણ કે લાઈનો ઉપર લોકો ઓટા વગેરે બનાવી દીધા છે. તેમણે વધુમાં કહયું કે નવી પાણીની લાઇનો પણ નાખી દેવામાં આવી છે પણ હજી ચાલું કરવામાં આવી નથી.પાણીના ટાંકા બાબતે તેમણે માહિતી આપી હતી કે, સેક્ટર ચાર વાળો ટાંકો ઉતારવાનો છે અને તેની જગ્યાએ નવો ટાંકો બનાવવામાં આવશે તથા જગજીવનનગર ના જર્જરીત ટાંકો હાલમાં વપરાશમાં નથી. ત્યાં અગાઉ થી એક નવો ટાંકો બનાવી દેવામાં આવ્યો હતો જે હાલે વપરાશમાં છે. તેમણે એ પણ જણાવ્યું હતુ કે, જગજીવનનગરમાં પાણી ના ટાંકા પાસે એક સંપ બનાવવામાં આવશે. પમ્પ રૂમ બાબતે તેમણે જણાવ્યું હતું કે, પમ્પ રૂમ બનાવવા માટેની ગ્રાન્ટ મંજૂર થઇ ગયેલ છૅ પણ જગ્યાના અભાવે તેનુ બાંધકામ શરૂ થઇ શક્યું નથી. શહેરમાં વરસાદ બાદ રસ્તાઓની હાલત ખૂબ ખરાબ થઇ ગઈ છે. શહેરમાં અમુક રસ્તાઓને બાદ કરતા મોટા ભાગના રસ્તાઓ પર ખાડાઓમા પાણી ભરાઇ ગયાં છે, વરસાદમાં તો વાહનોથી બહાર નીકળવું પણ જોખમભર્યું છે.આમ પણ ગાંધીધામ શહેર સપાટ જમીન પર વસેલું છે. એટલે શહેરના વરસાદી પાણીના નિકાલ માટે અમદાવાદ જેવી આધુનિક વ્યવસ્થા કરવાની જરૂરત છે. મહાનગરપાલિકા બન્યા પછી વરસાદી પાણીના નિકાલ માટે આવી વ્યવસ્થા થાય એવુ લોકો ઇચ્છી રહ્યા છે.-અખંડ ભારત

# દાહોદ ખાતે વિડીયો કોન્ફરન્સ યોજાઈ




વિપુલકુમાર બારિયા - ફાર્મર રજીસ્ટ્રી કરવા સહિત વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટેની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા અપાઈ સુચના જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને સરકારશ્રીના તમામ વિભાગના અધિકારીશ્રીઓ સાથે વિભાગ મુજબ કામગીરીની સમિક્ષા માટે વિડીઓ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.આ દરમ્યાન કલેકટરશ્રી યોગેશ નિરગુડે દ્વારા તમામ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી તેમજ કરવામાં આવનાર કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. જે સંબંધે દાહોદ જિલ્લાના ખેડૂતો માટે ફાર્મર રજીસ્ટ્રી કરવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય, શાળામાં વિદ્યાર્થીઓના સ્કોલરશીપ માટેની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તે માટે સુચના આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ધરતી આબા યોજનાને ખાસ ધ્યાને રાખીને તમામ વિભાગોએ ગામોમાં જઈને સમયસર કામગીરી પૂર્ણ કરવી. આધાર કાર્ડ, પી.એમ.કિસાન., સન્માન નિધિ, જન ધન યોજના, જેવી સરકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે તેમજ યોજનાના લાભ યોગ્ય લાભાર્થીને વહેલી તકે મળે તેવા પ્લાનિંગ સાથે કામ કરવા જણાવાયું હતું. -અખંડ ભારત

# ટીબીના દર્દીઓ માટે પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

રાવત રાકેશભાઈ - પ્રધાનમંત્રીશ્રીના ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત આજ રોજ ગરબાડા તાલુકાના અભલોડ ગામની શ્રી પાંડુરંગ વણકર ઉતર બુનિયાદી વિધાલય ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ જીલ્લા ક્ષય અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પોષણ કીટ વિતરણ કાર્યક્રમની શરૂઆત મહેમાનોને તિલક કરી અને દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનોનું બુકે દ્વારા સ્વાગત કરવાની સાથે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થના અને




સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.આ દરમ્યાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અભલોડ ૫૦, જેસાવાડા ૨૩, ગરબાડા CHC ૦૧, પાટીયા ૩૮, ગાંગરડી ૨૯, મીનાક્યાર ૩૫, આમ કુલ મળીને ૧૭૬ દર્દીઓને ONGC કંપની દ્વારા નિક્ષય મિત્ર બનીને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમેરિકી હુમલા બાદ ઈરાનઃ પરમાણુ નિરીક્ષકોની સુરક્ષાની ગેરંટી આપી શકતું નથી




તેહરાન,

સોમવારે ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી ના નિરીક્ષકોની સુરક્ષાની ખાતરી આપી શકાતી નથી. ઈરાનમાં ઇઝરાયલ અને અમેરિકા દ્વારા અસરગ્રસ્ત પરમાણુ સ્થળોની મુલાકાત લેવાની યુએન પરમાણુ નિરીક્ષકની વિનંતીને નકારી કાઢવામાં આવ્યાના થોડા દિવસો પછી આ વિકાસ થયો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘાઈએ કહ્યું છે કે પરમાણુ નિરીક્ષક સાથે સામાન્ય સહયોગ ચાલુ રાખી શકાય નહીં.યુએન પરમાણુ નિરીક્ષક સંસ્થાના વડા રાફેલ ગ્રોસીએ કહ્યું હતું કે ઈરાન મહિનાઓમાં યુરેનિયમ સંવર્ધન ફરી શરૂ કરી શકે છે, કારણ કે યુએસ હુમલાઓથી ઈરાનની પરમાણુ સ્થાપના સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ નથી.૧૩ જૂનના રોજ ઈરાન-ઈઝરાયલ સંઘર્ષની શરૂઆતથી ઈરાન અને IAEA વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી છે. ઈરાનના પરમાણુ માળખા પર ઇઝરાયલી અને અમેરિકન હુમલાઓની નિંદા કરવામાં નિષ્ફળતા બદલ તેહરાને યુએન પરમાણુ નિરીક્ષક સંસ્થાની ટીકા કરી હતી.ઈઝરાયલી અને અમેરિકન હુમલાઓથી પ્રભાવિત પરમાણુ સ્થળોની મુલાકાત લેવાની ગ્રોસીની વિનંતીને પણ ઈરાને નકારી કાઢી હતી, અને આરોપ લગાવ્યો હતો કે માંગ દુષ્ટ ઈરાદા દર્શાવે છે.ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આરોપ લગાવ્યો હતો કે ગ્રોસીએ એજન્સીની ચિંતાઓને સંબોધવાના ઈરાનના પ્રયાસોને અસ્પષ્ટ કરીને ... ગેરકાયદેસર ઇઝરાયલી અને યુએસ બોમ્બ ધડાકાને સીધી રીતે સરળ બનાવ્યા હતા.સુરક્ષાના બહાના હેઠળ બોમ્બમારાવાળા સ્થળોની મુલાકાત લેવાનો ગ્રોસીનો આગ્રહ અર્થહીન છે અને સંભવતઃ ઈરાદાપૂર્વક ખરાબ પણ છે.

# સિક્કિમ વિધાનસભાએ લોકાયુક્ત બિલ પસાર કર્યું



ગેંગટોક,

સોમવારે હિમાલય રાજ્યની વિધાનસભામાં સિક્કિમ લોકાયુક્ત બિલ, ૨૦૨૫ પસાર કરવામાં આવ્યું છે. વિધાનસભામાં દિવસભર ચાલેલા સત્ર દરમિયાન ગૃહમાં સ્કોલર્સ યુનિવર્સિટી ઓફ સ્કિલ્સ એન્ડ ઈનોવેશન, સિક્કિમ બિલ, ૨૦૨૫ પણ રજૂ કરવામાં આવ્યું.કાયદા મંત્રી રાજુ બસનેતે સ્પીકર એમ.એન. શેરપાની પરવાનગીથી ગૃહમાં સુધારા બિલ રજૂ કર્યું, જેમાં લોકાયુક્તના અધ્યક્ષ અને સભ્યોના કાર્યકાળના વિસ્તરણ માટે સિક્કિમ લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૪ ની કલમ ૫ માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો.તેમણે કહ્યું કે સિક્કિમ લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૪ માં ૨૦૧૮ માં એક સુધારો કરવામાં આવ્યો હતો, જેમાં લોકાયુક્તના અધ્યક્ષ અને સભ્યોના કાર્યકાળના વિસ્તરણ અંગે કલમ ૫ નો સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ સિક્કિમ લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૯ દ્વારા વિસ્તરણ માટેની ઉપરોક્ત જોગવાઈને અવગણવામાં આવી હતી.

હવે, સાતત્ય સુનિશ્ચિત કરવા અને અધ્યક્ષ અને સભ્યોને બાકી રહેલા કેસોનો સામનો કરવા માટે પૂરતો સમય આપવા માટે, રાજ્ય સરકાર સિક્કિમ લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૪ ની કલમ ૫ માં સુધારો કરીને અધ્યક્ષ અને લોકાયુક્તના સભ્યોના કાર્યકાળના વિસ્તરણ માટેની જોગવાઈ દાખલ કરવાનું યોગ્ય માને છે.

# અમદાવાદમાં અસામાજિક તત્ત્વો બેફામઃ ખોખરામાં અંગત અદાવત રાખી જાહેરમાં યુવકની હત્યા




અમદાવાદમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યા છે અને જાણે તેમને કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ ગુનાખોરીને અંજામ આપી રહ્યા છે. શહેરમાં અવાર-નવાર આવા અસામાજિક તત્ત્વો પોતાના કૃત્યો અને ગુનાખોરીથી પોલીસને પડકાર ફેંકતા જોવા મળે છે. જોકે, આવો જ એક કિસ્સો ફરી એકવાર ખોખરા વિસ્તારમાંથી સામે આવ્યો છે. જ્યાં પાંચથી છ લોકો દ્વારા અંગત અદાવત રાખીને યુવકની જાહેરમાં હત્યા કરી દેવામાં આવી હતી. અમદાવાદના ખોખરા વિસ્તારમાં અગાઉના ઝઘડાની અદાવત રાખીને રવિ ખટિક નામના યુવકની હત્યા કરી દેવામાં આવી હતી. મંગળવારે (૧ જુલાઈ) મોડી રાત્રે પાંચથી છ યુવકો લાકડી લઈને આવ્યા છે અને રવિ નામના વ્યક્તિને ઢોર માર મારવા લાગ્યા હતા. જ્યાં સુધી યુવકે દમ ન તોડ્યો ત્યાં સુધી યુવકને માર મારવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આ પહેલાં યુવકનો માર મારવા આવેલા ટોળા સાથે કોઈ બાબતે વિવાદ થયો હતો જેની અદાવત રાખીને તેની હત્યા કરવામાં આવી હતી.

# મતદાર યાદીની સઘન સમીક્ષાની જરૂર છે, ફક્ત લાયક નાગરિકો જ તેમાં હોવા જોઈએ




નવી દિલ્હી,

દેશમાં વિપક્ષી નેતાઓ દ્વારા ભારે વિરોધ પ્રદર્શનો વચ્ચે, ચૂંટણી પંચે સોમવારે જણાવ્યું હતું કે ખાસ સઘન સુધારાની જરૂર છે કારણ કે વિવિધ કારણોસર મતદાર યાદીમાં ફેરફાર થતો રહે છે અને બંધારણ તેને ખાતરી કરવા માટે આદેશ આપે છે કે ફક્ત લાયક નાગરિકો જ મતદાર યાદીનો ભાગ હોય અને જેઓ મતદાર યાદીમાં નથી, તેઓ મતદાન કરી શકતા નથી.

ચૂંટણી પંચનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા વિપક્ષી નેતાઓએ કહ્યું છે કે સઘન સુધારામાં રાજ્ય મશીનરીનો ઉપયોગ કરીને મતદારોને ઈરાદાપૂર્વક બાકાત રાખવાનું જોખમ રહેલું છે.ચૂંટણી પંચ કહે છે કે મતદાર યાદીમાં સુધારો કરવો આવશ્યક છેઆ સંદર્ભમાં, મતદાન પંચે કહ્યું કે મતદાર યાદીમાં સુધારો કરવો આવશ્યક છે કારણ કે તે એક ગતિશીલ યાદી છે જે મૃત્યુ, સ્થળાંતરને કારણે લોકોના સ્થળાંતર અને ૧૮ વર્ષના નવા મતદારોના ઉમેરાને કારણે બદલાતી રહે છે.

વધુમાં, બંધારણની કલમ ૩૨૬ મતદાર બનવાની પાત્રતાનો ઉલ્લેખ કરે છે. ફક્ત ૧૮ વર્ષથી વધુ ઉંમરના ભારતીય નાગરિકો અને તે મતવિસ્તારના સામાન્ય રહેવાસીઓ જ મતદાર તરીકે નોંધણી કરાવવા માટે પાત્ર છે, તેમણે જણાવ્યું.

૨૦૦૩ની યાદીમાં રહેલા લોકો તેમના ગણતરી ફોર્મ સબમિટ કરતી વખતે દસ્તાવેજી પુરાવા તરીકે તેનો ઉપયોગ કરી શકે છે.તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બિહારની ૨૦૦૩ની મતદાર યાદીઓ - જે છેલ્લી સઘન સમીક્ષા પછી પ્રકાશિત થઈ હતી

# ઈરાને પરમાણુ વાટાઘાટો માટે શરત મૂકી, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ વાત નથી કરી રહ્યા



વોશિંગ્ટન,

ઈરાન સામે ભવિષ્યના હુમલાઓ અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના 'અસ્પષ્ટ વલણ' વચ્ચે, તેહરાનના નાયબ વિદેશ પ્રધાને અમેરિકા સાથે ભવિષ્યમાં કોઈપણ રાજદ્વારી અને પરમાણુ વાટાઘાટો પર એક શરત મૂકી છે. દરમિયાન, અમેરિકન રાષ્ટ્રપતિએ હવે કહ્યું છે કે તેઓ ઈરાનને કંઈ વાત કરી રહ્યા નથી કે આપી રહ્યા નથી.એક મીડિયા સાથે વાત કરતા, ઈરાની માજિદ તખ્ત-રવાંચીએ કહ્યું હતું કે, અમેરિકાએ ઈરાન સામે કોઈપણ હુમલાને નકારી કાઢવો જોઈએ. નાયબ વિદેશ પ્રધાને કહ્યું કે ઈરાન સામે ભવિષ્યમાં હુમલાઓ અંગે ટ્રમ્પ વહીવટીતંત્રનું વલણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ મધ્યસ્થી દેશોને કહ્યું છે કે તે ઈરાન સાથે વાટાઘાટોમાં પાછા ફરવા માંગે છે, પરંતુ ભવિષ્યમાં તે હુમલા કરશે કે નહીં તે સ્પષ્ટ કર્યું નથી.અમે કોઈ તારીખ પર સંમત થયા નથી. અમે પદ્ધતિ પર સંમત થયા નથી. હાલમાં, અમે આ પ્રશ્નનો જવાબ શોધી રહ્યા છીએ - શું આપણે વાટાઘાટો દરમિયાન આક્રમક કૃત્યનું પુનરાવર્તન જોવા જઈ રહ્યા છીએ? મંત્રીએ જણાવ્યું હતું.

તેના સ્તરની ચર્ચા કરી શકાય છે, ક્ષમતાની ચર્ચા કરી શકાય છે, પરંતુ એમ કહેવું કે તમારે સંવર્ધન ન કરવું જોઈએ, તમારે શૂન્ય સંવર્ધન કરવું જોઈએ, અને જો તમે સંમત ન થાઓ, તો અમે તમારા પર બોમ્બ ફેંકીશું - તે જંગલનો કાયદો છે,નાયબ વિદેશ મંત્રીએ જણાવ્યું.ટ્રૂથ સોશિયલની એક નવી પોસ્ટમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું છે કે તેઓ ઈરાનને કંઈપણ આપશે નહીં અને ન તો તેઓ ગલ્ફ રાષ્ટ્ર સાથે વાત કરી રહ્યા છે.હું ઈરાનને કંઈપણ ઓફર કરી રહ્યો છું, ઓબામાથી વિપરીત, જેમણે તેમને મૂર્ખ પરમાણુ શસ્ત્ર JCPOA (જે હવે સમાપ્ત થઈ જશે!) ના માર્ગ હેઠળ અબજો ડોલર ચૂકવ્યા હતા.

# આઇફોન પર મોકલેલા મેસેજને હવે એડિટ કરી શકશે એન્ડ્રોઇડ યુઝર્સ

ગૂગલ દ્વારા હવે એન્ડ્રોઇડ યુઝર્સ માટે વધુ સરળ સર્વિસ બનાવવામાં આવી રહી છે. વોટ્સએપ પર દરેક યુઝર સેન્ડ કરેલા મેસેજને એડિટ કરી શકે છે. દરેક ઈન્સ્ટન્ટ મેસેજ સર્વિસ પર આ ફીચર છે. જોકે ટેક્સ્ટ મેસેજ પર આ સુવિધા નહોતી. જોકે એન્ડ્રોઇડ હવે એ સર્વિસ પણ લાવી રહ્યું છે. એન્ડ્રોઇડથી એન્ડ્રોઇડ પર મેસેજ એડિટ કરી શકાતા હતા, પરંતુ હવે પહેલી વાર આઇફોન પર સેન્ડ કરેલા મેસેજ પણ એડિટ કરી શકાશે.આઇફોનની iOS ૧૮માં રિચ કમ્યુનિકેશન સર્વિસીસ યુનિવર્સલ પ્રોફાઇલ ૩.૦નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટેકનોલોજીના કારણે હવે યુઝર મેસેજ સેન્ડ કર્યાના ૧૫ મિનિટની અંદર એને એડિટ કરી શકશે. તેમ જ મેસેજ ટાઈપિંગ ઈન્ડિકેટર અને રીડ રિસીપ્ટ જેવા ફીચરનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. મેસેજ એપનો ઉપયોગ પણ હવે ઈન્સ્ટન્ટ મેસેજ સર્વિસની જેમ કરી શકાય છે. આથી મેસેજ કરવાની પ્રોસેસ ખૂબ જ સરળ બની છે.સેન્ડ કરેલા મેસેજને આ માટે યુઝરે લોન્ગ-પ્રેસ કરવાનું રહેશે. ત્યારબાદ એક મેન્યુ ઓપન થશે—એના પર પેન્સિલ આઇકનને પસંદ કરવાનું રહેશે. ત્યારબાદ મેસેજ એડિટ કરીને ફરીથી સેન્ડ કરવાનું રહેશે. આ મેસેજ આઇફોન પર મોકલ્યો હોય તો એમાં એ મેસેજ એડિટ થતાં નવા મેસેજ તરીકે દેખાશે.

# હ્યુન્ડાઈ કંપની કુલ 03 વાહનો મળી આશરે કુલ ૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

HYUNDAI

ગાંધીનગર,

કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ દવે ના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા સરકારશ્રીની મહેસુલી આવક વધે તથા બિનઅધિકૃત ખનીજ ખનન, વહન અને સંગ્રહ કરતા ઈસમો સામે દંડકીય રકમની વસુલાત કરી સરકારશ્રીની રોયલ્ટીની આવકમાં વધારો થાય તે હેતુથી અત્રેની કચેરીની ક્ષેત્રિય ટીમ સતત ચેકિંગ અંગેની કામગીરી કરતા અત્રેની કચેરીના માઈન્સ સુપરવાઈઝરશ્રી દ્વારા મોજે. વૈષ્ણોદેવી સર્કલ તા.જી.ગાંધીનગર પાસેથી ડમ્પર નં GJ-02-ZZ-2100 દ્વારા રોયલ્ટી પાસ વગર સાદીરેતી ખનિજના બિન અધિકૃત વહન, ટીંટોડા ગાંધીનગર પાસેથી ડમ્પર નું DD-01-P-9857 માં સાદીરેતી ખનિજનું રોયલ્ટી પાસ કરતા વધુ ઓવરલોડ વહન કરતા પકડવામાં આવેલ.વધુમાં કચેરીના માઈન્સ સુપરવાઈઝરશ્રી દ્વારા રાત્રીના સમયે આશરે 0૪:00 વાગ્યાના સુમારે બાસણ ખાતે સાબરમતી નદીપટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરતા 0૧ હ્યુન્ડાઈ કંપનીનું એક્સેવેટર મશીન જેનો મોડેલ નં. Excavator R2151. જેનો પીન નં HYNDN6 35KE0070620L બંધ હાલતમાં જોવા મળેલ જેને આગળની તપાસ અન્વયેની કામગીરી માટે સીઝ કરવામાં આવેલ.આમ કુલ 0૩ વાહનો/મશીનની આશરે કુલ ૧.૨૦ કરોડ અને ખનિજ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.

# ભારતમાં જઈને પ્રતિસ્પર્ધા કરીશું, ટ્રેડ ડીલ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પનું મોટું નિવેદન



ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર વાટાઘાટો હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. એવામાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે, 'અમેરિકા અને ભારત વચ્ચે એક ટૂંક સમયમાં જ મોટો વેપાર કરાર થઈ શકે છે. ભારત હવે અમેરિકન કંપનીઓ માટે ટેક્સ ઘટાડવા માટે તૈયાર છે, જેનાથી અમેરિકન કંપનીઓને ભારતમાં વ્યવસાય કરવાની તક મળશે. 'મીડિયા સાથે વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, 'મને લાગે છે કે ભારત સાથે આપણી પાસે એક અલગ પ્રકારનો વેપાર કરાર હશે. એક એવો કરાર જેમાં આપણે ભારતમાં જઈને ખુલ્લેઆમ પ્રતિસ્પર્ધા કરી શકીશું. ભારતે અત્યાર સુધી વિદેશી કંપનીઓ માટે બજાર ખોલ્યું નથી, પરંતુ હવે તે પરિવર્તનના સંકેતો બતાવી રહ્યું છે. જો ભારત આમ કરશે, તો અમેરિકા ઓછા ટેક્સ સાથે મજબૂત વેપાર કરાર કરશે.'

ટ્રમ્પે ૨ એપ્રિલે ભારત પર ૨૬% ટેરિફ (આયાત ડ્યુટી) લાદવાની જાહેરાત કરી હતી, જેને ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવી છે. જોકે, ૧૦% નો લઘુત્તમ ટેરિફ હજુ પણ લાગુ છે. જો બંને દેશો વચ્ચે આ કરાર થાય છે, તો તે વેપાર સંબંધોમાં મોટો વળાંક બની શકે છે. ટ્રમ્પના તાજેતરના નિવેદન બાદ ભારતના ડેરી ક્ષેત્રના કારણે બંને દેશો વચ્ચે વાતચીત અટકી ગઈ હતી.

# વાપી જીઆઈડીસીમાં આગ લાગતા દોડધામ, અઢી કલાકની જહેમત બાદ મેળવ્યો કાબૂ

વાપી જીઆઈડીસીના થર્ડફેઝમાં આવેલી કંપનીમાં આજે બુધવારે સવારે આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. લાશ્કરોએ અઢી કલાક બાદ આગને કાબૂમાં લીધી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર વાપીના થર્ડફેઝમાં કારના વાઈપર બનાવતી કોમોફ્લેટ વાઈપર સિસ્ટમ નામક કંપની આવેલી છે. આજે બુધવારે સવારે અચાનક કંપનીમાં આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાને પગલે વાપી મનપા, નોટિફાઈડ, જીઆઈડીસી સહિતના વિસ્તારના ફાયરની ગાડીઓ ઘટના સ્થળે દોડી આવી હતી. લાશ્કરોએ લગભગ બેથી અઢી કલાક બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જો કે આજુબાજુમાં આવેલી મોટી કંપનીના સંચાલકો અને કર્મચારીમાં ગભરાટ મચી ગયો હતો. જો કે લાશ્કરોની સર્તકતાને કારણે આજુબાજુની કંપની બચી ગઈ હતી. શેડમાં આગ સળગી ઉઠયા બાદ કંપની લપેટમાં આવી ગઈ હતી. વાઈપરના જથ્થા સહિત માલસામાન ખાખ થઈ ગયો હતો. આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ કોઈ કારણ બહાર આવ્યું નથી. એફ.એસ.એલ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ માહિતી બહાર આવી શકશે. ઉદ્યોગનગર પોલીસની ટીમ પણ દોડી ગઈ હતી.

# દાઝયા ઉપર ડામ જેવી સ્થિતિ, અમદાવાદમાં એક મહીનામાં ગટર ઉભરાવાની ૨૮ હજારથી વધુ ફરિયાદ

અમદાવાદ

વાર્ષિક રુપિયા પંદરહજાર કરોડથી પણ વધુનુ બજેટ ધરાવતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનુ તંત્ર સાવ ખાડે ગયુ છે.એક મહીનામાં ગટર ઉભરાવાની ૨૮૬૪૨ ફરિયાદ કોર્પોરેશનને મળી છે. એક તરફ રસ્તા ઉપર ખાડા, વરસાદી પાણીનો કલાકો સુધી નિકાલ થઈ શકતો નથી. ઉપરથી વિવિધ વિસ્તારમાં ઉભરાતી ગટર વચ્ચે શહેરનો સામાન્ય અને ગરીબ વર્ગનો માનવી પિસાઈ રહયો છે. છતા તંત્ર અને સત્તાધીશો આંખ આડા કાન કરી રહયા છે.જુન મહીનામાં મ્યુનિસિપલ કોર્પોરેશનને ૩૧૭૯૩ પ્રાથમિક સુવિધાને લગતી ઓનલાઈન ફરિયાદ મળી હતી. આ પૈકી વરસાદી પાણી ભરાવવા અંગેની ૪૩૬૦ ફરિયાદ મળી કુલ ૩૬૧૫૩ ફરિયાદ મળી હતી.શહેરના ૪૮ વોર્ડમાં ગટરની સફાઈ કરવા માટે ૪૯૮ મંડળીઓ છે.દરેક સંસ્થાઓને દર મહીને રુપિયા ૫૦ હજાર ચૂકવવામા આવતા હોવાછતાં ગટર ઉભરાવાની ફરિયાદો સતત વધતી જાય છે.કોટ વિસ્તાર સહીતના મધ્યઝોનમાં ગટર સાફ કરવા ૯૯ મંડળી કાર્યરત છે.

## જાહેર નોટીસ

**જી.વી.મહેતા, એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એ.ડી.એમ/જન્મમરણ કેસ નં.૪૫/૨૦૨૫

(૧)પરમાર વિજયકુમાર કનુભાઈ
રહે.જીવણપુર તા.મોડાસા, જિ.અરવલ્લી ......અરજદાર
વિરૂધ્ધ
(૧)રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી કમ મંત્રી,
જીવણપુર તા.મોડાસા, જિ.અરવલ્લી........ સામેવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજ અરજી કરી તેઓશ્રીના પિતા નામે પરમાર કનુભાઈ છગુજીનું મરણ તા.૨૬/૧૨/૧૯૯૫ ના રોજ જીવણપુર, મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહિ આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મોડાસા

# જમ્મુ-કશ્મીરના LOC પર BSF દ્વારા પાકિસ્તાની નાગરિકની ધરપકડ



રાજૌરી,

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાના માંજાકોટ વિસ્તારમાં નિયંત્રણ રેખા નજીક સરહદ સુરક્ષા દળ દ્વારા એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરવામાં આવી હતી. મોહમ્મદ અરીબ અહેમદ તરીકે ઓળખાતા ઘુસણખોરને શંકાસ્પદ સંજોગોમાં ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરતી વખતે અટકાવવામાં આવ્યો હતો, જેના કારણે સંવેદનશીલ સરહદી ક્ષેત્રમાં હાઇ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, BSF રાજૌરી બટાલિયને LOC પાર કરવાનો પ્રયાસ કરી રહેલા વ્યક્તિને જોયો અને તેને કોઈ પણ ઘટના વિના અટકાયતમાં લીધો. પ્રારંભિક તપાસ દરમિયાન, તેના કબજામાંથી ૨૦,૦૦૦ રૂપિયાના પાકિસ્તાની ચલણ મળી આવ્યા હતા. આ વ્યક્તિ પાસે કોઈ હથિયાર કે ગુનાહિત દસ્તાવેજો મળી આવ્યા ન હતા, પરંતુ સુરક્ષા એજન્સીઓ કહે છે કે તપાસ હજુ પણ પ્રાથમિક તબક્કામાં છે.

હાલમાં અનેક એજન્સીઓ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તે કઈ પરિસ્થિતિમાં સરહદ પાર કરી ગયો, પછી ભલે તે જાણી જોઈને હોય કે દબાણ હેઠળ, તેની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે, BSFના એક વરિષ્ઠ અધિકારીએ પત્રકારોને જણાવ્યું. સંભવિત જાસૂસી, જાસૂસી અથવા અજાણતા ક્રોસિંગ સહિત તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

રાજૌરીમાં LOC સેક્ટર, ખાસ કરીને માંજાકોટની આસપાસ, ઘૂસણખોરીના પ્રયાસો અને યુદ્ધવિરામ ઉલ્લંઘનના ઇતિહાસને કારણે વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ વિસ્તાર છે. જ્યારે આતંકવાદી જૂથો સાથે કોઈ સીધી કડી હજુ સુધી સ્થાપિત થઈ નથી, અધિકારીઓએ પાકિસ્તાન સ્થિત જૂથો દ્વારા કુરિયર અથવા સ્કાઉટ તરીકે વ્યક્તિનો ઉપયોગ થવાની શક્યતાને નકારી કાઢી નથી.આ ઘટના એવા સમયે બની છે જ્યારે ભારત સંભવિત સરહદ પાર પ્રવૃત્તિની ગુપ્ત માહિતીના ચેતવણીઓના જવાબમાં સરહદ પર વધુ સતર્કતા જાળવી રહ્યું છે. ત્યારથી આ ક્ષેત્રમાં BSF અને આર્મી ફોર્મેશન્સે નજીકના ક્ષેત્રોમાં દેખરેખ વધારી દીધી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રારંભિક પૂછપરછ પૂર્ણ થયા પછી, અહમદને વધુ કાનૂની કાર્યવાહી માટે જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવામાં આવે તેવી શક્યતા છે. ગૃહ મંત્રાલયને સતત જાણકારી આપવામાં આવી રહી છે, અને પૂછપરછમાંથી શું બહાર આવે છે તેના આધારે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ તપાસમાં જોડાય તેવી અપેક્ષા છે.

# યુએસ વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવા માટે કેનેડાએ ડિજિટલ સર્વિસ ટેક્સ રદ કર્યો



ટોરોન્ટો,

એક મહત્વના ઘટનાક્રમમાં નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેનેડાએ યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર વાટાઘાટોને આગળ વધારવાના પ્રયાસરૂપે યુએસ ટેક કંપનીઓ પર લગાવવામાં આવેલ ડિજિટલ સર્વિસ ટેક્સ રદ કર્યો છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચાલી રહેલી વેપાર વાટાઘાટો સમાપ્ત કર્યાના થોડા દિવસો પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. "આ વાટાઘાટોને સમર્થન આપવા માટે, નાણા અને રાષ્ટ્રીય મહેસૂલ મંત્રી, માનનીય ફ્રાંકોઈસ-ફિલિપ શેમ્પેને આજે જાહેરાત કરી હતી કે કેનેડા યુનાઈટેડ સ્ટેટ્સ સાથે પરસ્પર ફાયદાકારક વ્યાપક વેપાર વ્યવસ્થાની અપેક્ષામાં ડિજિટલ સર્વિસીસ ટેક્સ રદ કરશે," નિવેદન અનુસાર."આ કાર્યવાહી સાથે સુસંગત, વડા પ્રધાન કાર્ને અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સંમત થયા છે કે પક્ષો ૨૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં સોદા પર સંમત થવાના દૃષ્ટિકોણથી વાટાઘાટો ફરી શરૂ કરશે."
મંત્રાલયે જણાવ્યું હતું કે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ને અને ટ્રમ્પ ૨૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં સોદો કરવાનો પ્રયાસ કરવા માટે ફરીથી વેપાર વાટાઘાટો શરૂ કરશે.
શુક્રવારે, ટ્રમ્પે અચાનક યુએસ ટેક કંપનીઓ પરના ટેક્સ અંગે કેનેડા સાથેની વેપાર ચર્ચાઓ રદ કરી દીધી. તેમણે કહ્યું કે તે એક "ખુબ જ હુમલો" છે અને કહ્યું કે તેઓ આગામી અઠવાડિયામાં કેનેડિયન ઉત્પાદનો પર નવો ટેરિફ લગાવશે.

# તેલના ટેક્કરમાં આગ લાગતાં ભારતીય નૌકાદળના INS તબરે બચાવ કામગીરી હાથ ધરી



ભારતીય નૌકાદળનું સ્ટીલ્થ ફ્રિગેટ INS તબાર, જે હાલમાં ઓમાનના અખાતમાં મિશન-તૈનાત છે, તે ૨૯ જૂને પુલાઉ-ધ્વજવાળા તેલ ટેક્કર MT યી ચેંગ ૬ તરફથી તકલીફનો સંકેત મળ્યા પછી સક્રિય થયું હતું. ભારતના કંડલાથી ઓમાનના શિનાસ જઈ રહેલા આ જહાજના એન્જિન રૂમમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, અને તેની સાથે સંપૂર્ણ પાવર ખોરવાઈ ગયો હતો.આગગ્રસ્ત જહાજમાં ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો સવાર હતા૧૪ ક્રૂ સભ્યો - બધા ભારતીય મૂળના - ને લઈને ટેક્કરની સ્થિતિ ઝડપથી વણસી ગઈ જેના કારણે ભારતીય નૌકાદળ તરફથી તાત્કાલિક સહાયની જરૂર પડી. ચોકસાઈ અને વ્યાવસાયિકતા દર્શાવતા, INS તબરે બચાવ કામગીરી શરૂ કરી અને જહાજની બોટ અને હેલિકોપ્ટર બંને દ્વારા તેની અગ્નિશામક ટીમ અને વિશેષ સાધનો તૈનાત કર્યા.

અહીં નોંધનીય છે કે ભારતીય નૌકાદળનું રશિયન-નિર્મિત ગાઇડેડ મિસાઇલ ફ્રિગેટ INS તમાલ, જે વિવિધ પ્રકારના મિસાઈલો અને સર્વેલન્સ સિસ્ટમ્સ ધરાવે છે, તેને ૧ જુલાઈના રોજ રશિયાના દરિયાકાંઠાના શહેર કાલિનિનગ્રાડ ખાતે દળમાં સામેલ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ જહાજમાં ૨૬ ટકા સ્વદેશી ઘટકો છે, જેમાં સમુદ્ર અને જમીન બંને પર લક્ષ્ય બનાવવા માટે બ્રહ્મોસ લાંબા અંતરની ક્રુઝ મિસાઇલનો સમાવેશ થાય છે.

# પ્રીમિયમના નામે સરકારે રેતી-માટી સહિતના ખનિજોની રોયલ્ટી રાતોરાત બમણી કરી



સરકારે રાતોરાત રેતી, કપચી અને સાદી માટી સહિતના ખનિજ પર લેવાતી રોયલ્ટી ઉપરાંત તેટલાં જ પ્રીમિયમની વસૂલાત એટલે કે ડબલ રોયલ્ટી જેટલી રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાનો નિર્ણય લીધો છે. અચાનક બમણા ભાવવધારાના પગલે ખનિજોનું ઉત્પાદન અને વેપાર કરતા લોકોમાં આંતરિક વિરોધ શરૂ થઈ ગયો છે. રેતી, કપચી અને સાદી માટી તેમજ અન્ય ખનિજો પર સરકાર દ્વારા દર વર્ષે ૩૦ ટકા વધારો કરવામાં આવતો હતો. છેલ્લે વર્ષ-૨૦૧૫માં રોયલ્ટીની રકમમાં વધારો થયો હતો અને ત્યારબાદ કોઈ વધારો કરવામાં ન હતો આવ્યો. વર્ષ-૨૦૧૭ના જાહેરનામાં મુજબ નવી લીઝ ૧૦૦ ટકા પ્રીમીયમ ભર્યા બાદ એલોટ થતી હતી જેથી રોયલ્ટીની રકમમાં વધારો કરી શકાતો ન હતો.

છેલ્લા ૧૦ વર્ષથી રોયલ્ટીની રકમમાં કોઈ વધારો નહતો થયો અને ત્યારબાદ સોમવારે રાતોરાત સરકારે વિવિધ ખનિજોની રોયલ્ટીમાં વધારો કરતું જાહેરનામું બહાર પાડયું હતું. જેમાં સરકારે રોયલ્ટીના બદલે રોયલ્ટીની ઉપર તેટલી જ રકમનું પ્રીમિયમ વસૂલ કરવાનો ઉલ્લેખ કર્યો છે. એટલે કે ખનિજ માટે હવે લગભગ બમણી રોયલ્ટી ભરવી પડશે. સોમવારે સાંજે રોયલ્ટી ભરવા માટેની ઓનલાઈન સિસ્ટમ ચાર કલાક સુધી બંધ રહી હતી અને સિસ્ટમ શરૂ થઈ ત્યારે નવી રોયલ્ટીના ભાવો ઉત્પાદકતાઓને બતાવતા હતાં. તાત્કાલિક અસરથી વિવિધ ખનિજો પર વસૂલાતી રોયલ્ટી તેમજ પ્રીમિયમના ભાવમાં વધારો કરી દેતા ઉત્પાદકતાઓને પણ આંચકો લાગ્યો છે. વિવિધ ખનિજો સાથે સંકળાયેલા એસોસિએશનો પણ સરકારના આ નિર્ણયનો વિરોધ કરવો કે નહીં તે અંગે અસમંજસમાં છે.

રાજ્ય સરકાર દ્વારા ખનિજોની રોયલ્ટીના દર ડબલ કરી દેતા હવે ખનિજચોરી થવાની શક્યતા વધી ગઈ છે. આમ પણ રેતી, માટી તેમજ બ્લેક ટ્રેપની કેટલીક ક્વોરીઓ દ્વારા વધતી ઓછી રોયલ્ટીની ચોરીઓ થતી હોય છે. ખાણ ખનિજ વિભાગ દ્વારા રોડ પર રોયલ્ટી વગરના વાહનો ઝડપી પાડી રોયલ્ટી ઉપરાંત દંડની

### અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમ સક્રિય

# હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું



અમદાવાદ,

રાજયમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમ સક્રિય થવા પામી છે ત્યારે હવામાન વિભાગે અલગ-અલગ જીલ્લાઓ માટે સામાન્ય, ભારે થી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ૨થી ૩ જુલાઈ દરમિયાન ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે.હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી અઠવાડિયા સુધી સૌરાષ્ટ્ર- કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૪૫ થી ૫૫ કિમી પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવાની શક્યતાઓ છે. સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

મોરબી, દ્વારકા અને કચ્છમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદામાં પણ ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

# બાંગ્લાદેશના પૂર્વ PM ૬ મહિનાની સજા, ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલનો ચુકાદો




બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને કોર્ટની અવમાનના સાથે જોડાયેલા કેસમાં ૬ મહિનાની જેલની સજા સંભળાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, આ નિર્ણય જસ્ટિસ મોહમ્મદ ગુલામ મુર્તુજા મોજુમદારની અધ્યક્ષતાવાળી ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ-૧ની ત્રણ સભ્યોવાળી ખંડપીઠે સંભળાવ્યો છે.

શેખ હસીનાની સિવાય ટ્રિબ્યુનલે ગૈબાંધાના ગોવિંદગંજના શકીલ અકંદ બુલબુલને પણ આ કેસ હેઠળ બે મહિનાની કેદની સજા સંભળાવી છે. બુલબુલ ઢાકાની એક રાજકીય હસ્તી છે અને તે આવામી લીગની વિદ્યાર્થી શાખા બાંગ્લાદેશ છાત્ર લીગ સાથે જોડાયેલી હતી.

શેખ હસીના સામે અવમાનનાનો કેસ ગત વર્ષે ઓક્ટોબરમાં કથિત રૂપે શકીલ અકંદ બુલબુલ સાથે તેમના દ્વારા લીક કરવામાં આવેલા ફોન કૉલ સાથે જોડાયેલો હતો. આ ઓડિયોમાં હસીનાના રૂપે ઓળખાતી એક વ્યક્તિનો અવાજ આવે છે. ઓડિયોમાં કથિત રીતે હસીના કહે છે કે, ‘મારી સામે ૨૨૭ કેસ દાખલ છે, તેથી મને ૨૨૭ લોકોને મારવાનું લાઈસન્સ મળી ગયું છે.‘

મળતી માહિતી મુજબ, અરજદારે તર્ક આપ્યો કે, આ નિવેદન કોર્ટનની અવમાનનાની સમાન છે. કારણ કે, તેમણે ન્યાયિક પ્રક્રિયામાં જોખમ ઊભું કર્યું અને દેશમાં મોટાપાયે વિદ્રોહ સંબંધિત ચાલી રહેલા કેસમાં સામેલ લોકોને ડરાવવાનો પ્રયાસ કર્યો.

# પહેલીવાર સત્તાવાર રીતે મેજબાનીની રેસમાં સામેલ થયું ભારત, પ્રતિનિધિમંડળની મુલાકાત




ભારત પહેલી વાર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા પહેલ કરી રહ્યું છે. આ મુદ્દે સમયાંતરે ચર્ચાઓ થઈ રહી છે. અમદાવાદમાં ઓલિમ્પિક માટે તૈયાર થઈ રહેલા સ્ટેડિયમની કામગીરી પણ લગભગ પૂર્ણ થવાના આરે છે. ભારતે સત્તાવાર રીતે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડના લુઝાનમાં મંગળવારે ભારતીય પ્રતિનિધિમંડળે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી ના અધિકારીઓની મુલાકાત કરી ભવિષ્યમાં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનો પ્રસ્તાવ સત્તાવાર રીતે રજૂ કર્યો હતો.

આ દાવો રજૂ કરવાનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. IOC એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે હાલમાં તે ભવિષ્યની ઓલિમ્પિક રમતો માટે યજમાન દેશની પસંદગી પ્રક્રિયા અટકાવી રહ્યું છે. તેના આ નિવેદન બાદ ભારતીય પ્રતિનિધિમંડળની IOC સાથે બેઠક થઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળમાં ભારતીય ઓલિમ્પિક સંઘની અધ્યક્ષ પીટી ઉષા ઉપરાંત કેન્દ્રીય રમત મંત્રાલય અને ગુજરાત સરકારના પ્રતિનિધિ સામેલ હતાં. પ્રતિનિધિમંડળે ઔપચારિક રીતે અમદાવાદને યજમાન શહેર તરીકે રજૂ કર્યું હતું.

# મણિપુરના ચુરાચંદપુરમાં બંદૂકધારીઓએ ગોળીબાર કરતાં ઓછામાં ઓછા ૪ લોકોના મોત



મણિપુર પોલીસ મીડિયાને જણાવ્યું હતું કે, ચુરાચંદપુર જિલ્લામાં સોમવારે અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા ૬૦ વર્ષીય મહિલા સહિત ઓછામાં ઓછા ચાર લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જિલ્લાના મોંગજાંગ ગામ નજીક બપોરે ૨ વાગ્યાની આસપાસ જ્યારે પીડિતો કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે હુમલો થયો.

મોંગજાંગ ચુરાચંદપુર શહેરથી લગભગ ૭ કિમી દૂર છે. પ્રાથમિક અહેવાલો સૂચવે છે કે તેમને ખૂબ જ દૂરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, ચુરાચંદપુર જિલ્લા મુખ્યાલયના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પીડિતોની ઓળખ હજુ સુધી પુષ્ટિ થઈ નથી. ઘટનાસ્થળેથી ૧૨ થી વધુ ખાલી ગોળા મળી આવ્યા છે. હજુ સુધી કોઈ સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારી નથી. પોલીસ અને વધારાના સુરક્ષા દળોને આ વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે.

# ઈઝરાયલ સાથેની ૭૭ વર્ષની દુશ્મનાવટ ખતમ કરશે મોટો ઈસ્લામિક દેશ

સીરિયામાં ૧૪ વર્ષના ગૃહયુદ્ધ બાદ પરિસ્થિતિ હવે સામાન્ય થઈ રહી છે. અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કર્યા છે અને હવે આ ઈસ્લામિક દેશ ફરીથી સામાન્ય જીવન તરફ આગળ વધી રહ્યો છે. આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે અને સુરક્ષામાં પણ સુધારો થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સીરિયાના નવા રાષ્ટ્ર પ્રમુખ અહમદ અલ શારા સાથે મુલાકાત કરી આ અંગે જાહેરાત કરી હતી. ઈઝરાયલ અને સીરિયા વચ્ચે પણ સીધી વાતચીત થઈ છે. બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવા ટૂંકસમયમાં મોટી જાહેરાત કરે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

મધ્ય-પૂર્વના રાજકીય નિષ્ણાતોએ જણાવ્યા પ્રમાણે, અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કરવા મામલે એવો સોદો કર્યો હશે કે તેણે ઈઝરાયલ સાથે સંબંધો સુધારવા પડશે. જેના ભાગરૂપે સીરિયા એ દિશામાં આગળ વધી રહ્યું છે. જો આવું કંઈક થાય તો તે વૈશ્વિક રાજકારણમાં મોટો ફેરફાર હશે કારણ કે સીરિયા અને ઈઝરાયલ ૧૯૪૮થી યુદ્ધ કરી રહ્યા છે. આ કરાર સાથે ૭૭ વર્ષ જૂની દુશ્મનાવટનો અંત આવશે.

# અમેરિકામાં હિન્દુ મંદિર વિરુદ્ધ 'હેટ ક્રાઈમ', ત્રણ વખત હુમલો કરી ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ



અમેરિકાના એક હિન્દુ મંદિર પર વારંવાર થઈ રહેલા હુમલાને લઈને ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. તાજેતરમાં મંદિર પર કરવામાં આવેલા ગોળીબારની ઘટનાની નિંદા કરતા અપીલ કરવામાં આવી કે, જલ્દીમાં જલ્દી આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવે અને તેને ન્યાયના કટઘરામાં લાવવામાં આવે.મળતી માહિતી મુજબ, અમેરિકાના યુટા રાજ્યના સ્પેનિશ ફોર્કમાં હાજર ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં ગોળીબારની ઘટના બની હતી. આ મંદિર પર આશરે ૩ વાર હુમલો કરવામાં આવ્યો છે. જેમાં મંદિર પર ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું. જેનાથી મંદિરને ઘણું નુકસાન થયું હતું. આ મંદિર દર વર્ષે હોળીની ઉજવણી માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. બે દાયકા જૂનું આ મંદિર સ્પેનિશ ફોર્કમાં એક પહાડ પર આવેલું છે.સેનફ્રાન્સિસ્કોમાં હાજર ભારતના કોન્સુલેટ જનરલે આ ઘટનાની નિંદા કરી છે. તેમણે સમુદાય સાથે એકજૂટતા દર્શાવી અને તુરંત કાર્યવાહીની અપીલ કરી છે.

# સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગનો વપરાશ ઘટાડવાના સંકલ્પ સાથે માત્ર ૨૦૦ દિવસમાં બેગ એટીએમ દ્વારા નાગરીકોએ કર્યો એક લાખથી વધુ કાપડની થેલીનો ઉપયોગ






આપણા સૌના જીવનમાં પર્યાવરણ કેટલું મહત્વનું છે તે હવે આપણે સૌ સમજી ગયા છે. તેને બચાવવા માટે પણ આપણે સૌ સાથે મળીને પ્રયત્નો કરી રહ્યાં છીએ. પર્યાવરણને બચાવવાના પ્રયાસોમાં એક મહત્વનું પગલું એટલે પ્લાસ્ટીક બેગના વપરાશને ઓછું કરવું. ગત વર્ષે રાજયના વિવિધ જાહેર સ્થળો પર પ્લાસ્ટીક બેગનો વપરાશ ઘટાડવા બેગ એટીએમ મુકવાના મહત્વના પર્યાવરણલક્ષી નિર્ણય બાદ માત્ર ૨૦૦ દિવસમાં એક લાખથી વધુ નાગરીકોએ કાપડની થેલીનો ઉપયોગ કરીને પર્યાવરણ બચાવવાના સંકલ્પને ખરા અર્થમાં ચરીતાર્થ કર્યો છે. ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિના નવા યુગની શરૂઆત થઈ છે. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂનના રોજ "પ્લાસ્ટિક મુક્ત ભારત" અભિયાનને વધુ વેગ આપવાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં રાજય સરકારે અનેકવિધ નવીન પ્રયાસો શરૂ કર્યા છે. જેના ભાગરૂપે હવે રાજયના મંદિરોમાં કાપડની થેલીમાં પ્રસાદની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

રાજયના મહત્વના મંદિરો જેમ કે અંબાજી, સોમનાથ, દ્વારકા, શામળાજી, સાળંગપુર, ઈસ્કોન મંદિર સહિતના કુલ ૧૩ મંદિરો પર ૩૦ મશીન મુકવામાં આવ્યાં છે. આ મશીન મુકવાથી મંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓને કાપડની થેલીમાં જ પ્રસાદ મળી રહે છે. આ મશીનમાં પાંચ અથવા ૧૦ રૂપિયાનો સિક્કો નાખીને અથવા તો ઊઈ કોડ સ્કેન કરીને કાપડની થેલી મેળવી શકાય છે. વિશ્વ પર્યાવરણ દિવસ, ૫ જૂન ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા મહાત્મા મંદિર ખાતેથી વધુ ૨૬૦ કાપડની બેગના વેન્ડીંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવા સ્થાપિત બેગ વેન્ડીંગ મશીનો દ્વારા અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ કાપડની બેગનું વિતરણ કરવામા આવ્યુ છે.ગુજરાતને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં અને નાગરીકોમાં પ્લાસ્ટિકના ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે, રાજયના મહત્વના જાહેર સ્થળોએ વિશેષ એટીએમ મશીન મુકવામાં આવ્યા છે, જેમાંથી કાપડની થેલી મેળવી શકાય છે. રાજયના વિવિધ જાહેર સ્થળોએ શરૂ કરવામાં આવેલા બેગ એટીએમ થકી પર્યાવરણના રક્ષણની સાથે મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવામાં પણ મદદ મળી રહી છે. એટીએમમાં આપવામાં આવતી બેગ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા સ્વ સહાય જૂથ પાસેથી ખરીદવામાં આવે છે જેથી મહિલાઓને પણ રોજગારી મળી રહે છે. આ ઉપરાંત અમદાવાદ તથા સુરત ખાતે બજારો, યાત્રાધામો, હોસ્પિટલ અને જાહેર બગીચાઓમાં પણ આ મશીનો મુકવામાં આવ્યા છે. અમદાવાદ ખાતે ૨૦ જેટલી હોસ્પિટલોમાં પેપર બેગના વેન્ડિંગ મશીન પણ મૂકવામાં આવ્યા છે જેથી હોસ્પિટલની મેડિકલ શોપ પરથી પેપરની બેગ પણ મળી શકે. આ બાબતે મોનીટરીંગ માટે 'પ્રતીગ્યા લાઇવ ડેશબોર્ડ' https://pwm.gpcb.gov.in:8443 પણ વિકસાવવામાં આવ્યું છે જેમાં કાપડના બેગ વિતરણના મશીનોની લાઇવ માહિતી મેળવી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગની નિર્ભરતા ઘટાડવા માટે દર વર્ષે ૩ જુલાઈને વિશ્વ પ્લાસ્ટીક બેગ મુક્તિ દિવસ તરીકે ઉજવાય છે.

## ગ્રુપ ગ્રામ પંચાયત જખાનામાં સમાવિષ્ટ ગામ કોટમદરમાં આંગણવાડી નું મકાન તૂટી પડેલું છે. આંગણવાડીમાં છોકરા ઓને રજા આપી દિધી હતી જેથી મોટી જાન હાની થતાં અટકી

સંજયભાઈ વળવી- આહવા તાલુકા ના કોટમદર ગામે ધોધ માર વરસાદ ના કારણે આંગણવાડી નું મકાન પડી ગયું છે. સદ નસીબે છોકરા ને આંગણવાડી વર્કર બેને રજા આપી દીધી હતી જેના કારણે મોટી જાનહાનિ થતાં અટકી ગય સરપંચશ્રી એ વારંવાર તંત્ર ને રજૂઆત કરતા છતાં ધ્યાન પર ન લેતા. નવા મકાન ની મંજૂરી નહિ આપી જેથી હવે આંગણવાડી ના છોકરા ઓ ને ક્યાં બેસાડવા તે પ્રશ્ન ઊભો થયો છે ગામ લોકો જલદી થી નવું મકાન બનાવી આપે તેવી માંગણી કરી છે - અખંડ ભારત



## આરોગ્ય વિભાગ દ્વારા ડેમાઈ ખાતે ચોમાસામાં થતા રોગો અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

પંડ્યા ત્રિલોકકુમાર- અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ તેમજ જીલ્લા મેલેરિયા વિભાગ અરવલ્લી જિલ્લા પંચાયત મોડાસાના ઉપક્રમે તાલુકા આરોગ્ય વિભાગ બાયડના માર્ગદર્શન હેઠળ ડેમાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારના ડેમાઈ,બોરલ, લાંક, વાસણામોટા, દેરોલી, ઝાંખરિયા અને શણગાલ પેટા આરોગ્ય કેન્દ્રો ખાતે જુન માસ મેલેરિયા વિરોધી માસ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી. તેમજ શિબિર યોજવામાં આવી. જેમાં પોરા- ગપ્પિફીશ નું નિદર્શન કરવામાં આવ્યું. તેમજ મચ્છર તેમજ પોરાનાશક વિવિધ પદ્ધતિઓનું ડેમોસ્ટ્રેશન કરી સમજાવવામાં આવી. નાટક, રેલી, સૂત્રોચ્ચાર જેવા પરંપરાગત માધ્યમ તેમજ ફેસબુક, ટ્વીટર અને વોટ્સએપ અને પ્રોજેક્ટર જેવા આધુનિક સોશિયલ મીડિયા માધ્યમ દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.સમગ્ર આયોજન ગુણવંતગિરિ ગોસ્વામી (બ્લોક સુપરવાઈઝર) દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં આંખે વળગે તેવી કામગીરીથી અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.- અખંડ ભારત





# અમરનાથમાં ૨૭ વર્ષથી ચાલે છે ગુજરાતી ભંડારો




જમ્મુ કાશ્મીરમાં ૩ જુલાઈથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતમાં જે યાત્રા થાય છે તેમાં યાત્રાળુઓને સુવિધા માટે સંખ્યાબંધ ભંડારા શરુ થાય છે, પરંતુ સ્વાદના રસિયા ગુજરાતીઓને પોતીકું ભોજન મળી રહે તે માટે સુરતની એક સંસ્થા અહીંના પ્રાચીન ભંડારા સાથે મળીને છેલ્લા ૨૭ વર્ષથી યાત્રાળુઓ માટે ગુજરાતી ભોજનનો ભંડારો ચલાવી રહી છે. અમરનાથ યાત્રા શરૂ થઈ રહી હોવાથી સુરતથી રસોડાનો સામાન લઈને પહલગામના ચંદનવાડી નુનવાન પણ પહોંચી ગયો છે. સુરતની આ સંસ્થાના ૨૦થી વધુ સ્વયંસેવક યાત્રાના અંત સુધી સેવા આપીને યાત્રાળુઓને ગુજરાતી ભોજન આપશે. જો કે, આ ભંડારામાં ઉત્તર ભારતીયોના સ્વાદને ધ્યાનમાં રાખીને ભક્તોને ભોજન પીરસવામાં આવે છે. આ યાત્રામાં ગુજરાતી યાત્રાળુઓની સંખ્યા નોંધપાત્ર હોય છે તેથી તેમને પોતીકા ટેસ્ટનું ભોજન મળે તેવો એકમાત્ર ભંડારો છે, જે ચંદનવાડીના નૂનવાનમાં ચાલે છે. આ જગ્યાએ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી બાબા રામ રમૈયા મહારાજના આશ્રમ દ્વારા ૬૪ વર્ષથી ભંડારો ચલાવાય છે અને છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતી ભોજન પીરસવામાં આવે છે. આ ભંડારા અંગે માહિતી આપતા સુરતના સમાજ સેવક વજુભાઈ સુહાગિયા કહે છે, '૧૯૯૬માં અમે અમરનાથ યાત્રા ગયા હતા, જ્યાં ભંડારા તો હતા પરંતુ ગુજરાતી ભોજન મળતું ન હોવાથી અનેક મુશ્કેલી પડી હતી. અમે બાબા રામ રમૈયાના ભંડારામાં રોકાયા હતા અને ત્યાર બાદ ૧૯૯૭થી સુરતના મંડળ શિવશક્તિ સેવા સમિતિ જોડાઈ હતી. ત્યાં અમે ગુજરાતીઓને ભોજનમાં મુશ્કેલી પડતી હોવાની વાત કરી, જેનો બાબાએ સ્વીકારી કર્યો. ત્યારબાદ ૧૯૯૭થી સુરતની શિવશક્તિ સેવા સમિતિ અમરનાથ યાત્રા આવતા યાત્રાળુઓને સાત્વિક ગુજરાતી ભોજન પીરસી રહી છે.'

અમરનાથ યાત્રા આવતીકાલથી યાત્રા શરૂ થાય છે ત્યારે સુરતની ટીમ બે ટ્રક ભરીને ભંડારાની સામગ્રી લઈ કેમ્પ પર પહોંચી ગઈ છે. શિવશક્તિ સેવા સમિતિ છેલ્લા ૨૭ વર્ષથી ભંડારામાં વપરાતું અનાજ, તેલ સહિત રસોડામાં વપરાતી તમામ ખાદ્ય સામગ્રી લઈને કાશ્મીર પહોંચી જાય છે. ત્યાં તેઓ યાત્રાના પહેલા જ દિવસથી ગુજરાતી યાત્રાળુઓને ભોજન પીરસે છે.































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697